કરવામાં આવી અને શ્રી ભરતભાઇ રાઠોડે અલગ અલગ નકશા રજુ કરેલ. નીચે ખાલી રાખી ઉપર એક હોલ બનાવવાનું બહુમતીથી નક્કી કરવામાં આવેલ તેનો અંદાજીત ખર્ચ રૂા. ૧૧ લાખની વાત કરવામાં આવતા તેના દાતા તરીકે ઘટક પ્રમુખ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીએ આપવાની તૈયારી બતાવતા હાજર રહેલ તમામ સભ્યોએ

ગં.સ્વ. જયશ્રીબેન વસંતભાઇ ચૌહાણ (૭) શ્રી ગોપાલભાઇ નથુભાઇ રાઠોડ જ્યારે હવનના દિવસે સમુહ પ્રસાદ રૂા. ૧,૦૦,૦૦૦ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી તેમજ કથાની પત્રિકા રૂા. ૫૧,૦૦૦/- બ્રહ્માકુમાર શ્રી બાબુલાલભાઇ અરજણભાઇ પરમાર પરિવારે દાતા તરીકે નામ નોંધાવેલ તેમજ એક દિવસના ગાયો માટે લીલા ચારાના રૂા. ૧૫,૦૦૦ લેખે

આઠ દિવસ દાતાઓએ પોતાના નામ નોંધાવેલ હતા. જ્યારે ૧૫૦૦૦ શ્રીમતી જયશ્રીબેન હરિરામભાઇ પરમાર અને રૂા. ૧,૧૧,૦૦૦ શ્રી બ્રીજેશભાઇ હરિલાલભાઇ ગોહિલ પરિવાર તરફથી ડોનેશન આપવામાં આવેલ હતું. પોથી નોંધાવવા માટે એક પોથીના રૂા. ૨૫૦૦૦/- લેવાનું સામાન્ય સભામાં સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ અને તેના નામ નોંધાવવા માટે શ્રી હિરેનભાઇ હરિલાલભાઇ ચૌહાણ - મો.નં. ૯૮૭૯૨૩૭૯૭૭ તથા ડોનેશન માટે શ્રી ગિરીશભાઇ મેઘજીભાઇ ચૌહાણ - મો.નં. ૯૪૨૬૯૩૧૧૨૭ની નિમણુંક કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મહાસભાના ઉપપ્રમુખ શ્રી મનોજભાઇ સોલંકી, ઘટકના હોદ્દેદારો અને સભ્યો, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, મહામંત્રી જયશ્રીબેન ચૌહાણ તેમજ હોદ્દેદારો અને સભ્યો યુવા મંડળના પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ, મહામંત્રી શ્રી પરાગભાઇ ચાવડા તેમજ હોદ્દેદારો અને સભ્યો શ્રી ગજેન્દ્રભાઇ વાઘેલા અને શ્રી ચમનભાઇ ચૌહાણ અને સમાજના ભાઇઓ અને બહેનો હાજર રહેલ હતા. અલ્પાહારનો તમામ ખર્ચ 'સમાજરત્ન' શ્રી વિનોદભાઇ પી. સોલંકીએ આપેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી શ્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું અને પધારેલ સૌ સમાજબાંધવો, મહિલા મંડળ, યુવા મંડળ તેમજ સમાજની થતી પ્રવૃત્તિઓમાં સાથ આપનાર તમામ કાર્યકરોનો આભાર માનવામાં આવેલ હતો.

માધાપર ઘટક દ્વારા ૭૪મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

માધાપર ઘટકના સલાહકાર પ્રમુખ શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકીની ઉપસ્થિતિમાં સમાજ ભવનના પ્રાંગણમાં કરવામાં આવી હતી. સૌ પ્રથમ પધારેલ સમાજના મહાનુભાવો દ્વારા ભારતમાતાને હારારોપણ તેમજ દિપ પ્રાગટ્ય કરી માધાપર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન રમેશભાઇ ટાંકના હસ્તે ધ્વજ ફરકાવી કરવામાં આવી. ત્યાર બાદ શ્રી ગજેન્દ્રભાઇ ભીમજીભાઇ વાઘેલાએ પ્રાસંગીક પ્રવચન કરેલ અને ભારત દેશને આઝાદી અપાવવા માટે શહીદ થયેલ વીર સપૂતોના બલિદાનને યાદ કરી ભારત માતાના આન, બાન અને શાન સમાન તિરંગાને સલામી આપી. શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ નૂતન કેળવણી મંડળ સંચાલિત બાલસંસ્કાર કેન્દ્રના બાળકોએ કાર્યક્રમ રજુ કરેલ. આ કાર્યક્રમમાં શ્રી ચમનભાઇ ચૌહાણ, શ્રી ગજેન્દ્રભાઇ વાઘેલા, બાલસંસ્કાર કેન્દ્રના મુખ્ય શિક્ષિકા શ્રીમતી પ્રતિમાબેન રાઠોડ ઘટકના સહમંત્રી શ્રી કમલેશભાઇ પરમાર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી તારાબેન ટાંક, ઉપપ્રમુખ શ્રીમતી રેખાબેન સોલંકી, મંત્રી કિર્તિકાબેન પરમાર, યુવા મંડળ પ્રમુખ શ્રી ભરતભાઇ રાઠોડ, ઉપપ્રમુખ પાર્થભાઇ ચાવડા, મહામંત્રી પરાગભાઇ ચાવડા, કચ્છ પ્રા. યુવા મંડળના પ્રમુખ શ્રી હિરેનભાઇ ચૌહાણ તેમજ હોદ્દેદારો, સભ્યો અને સમાજના લોકો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી ગિરીશભાઇ ચૌહાણે કરેલ હતું.

## પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કટક ઘટક તથા પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિ દ્વારા મકર સંક્રાતીના પવિત્ર ઉત્સવના દિવસે તા. ૧૫-૧-૨૦૨૩, રવિવારના રોજ પૂર્વ ઓડિશા પ્રાદેશિક




સમિતિના અંતર્ગત આવતા ૬ ઘટકો મધ્યે એક ખીચડો તથા સ્નેહમિલનનું તથા સામાન્ય સભાનું સંયુક્ત રૂપથી આયોજન કરેલ હતું. જેમાં પૂર્વ ઓડિશા પ્રાદેશિક સમિતિના ૬ ઘટકો જેમ કે કટક, કેંજોરગઢ, બાલેશ્વર, અંગુલ, બ્રહ્મપુર અને ભુવનેશ્વર ઘટકના પ્રમુખશ્રીઓ તથા હોદ્દેદારો અને સભ્યોએ હોંશભેર ભાગ



લીધો હતો. આ ઉપરાંત મુખ્ય અતિથિ રૂપે રાઉરકેલા ઘટકથી મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર, મહાસભાના સહમંત્રી શ્રી કિશોરભાઇ ટાંક, ઓડિશા યુવા મંડળના પ્રમુખ શ્રી હાર્દિકભાઇ ચાવડા, રાઉરકેલા યુવા મંડળના પ્રમુખ શ્રી દિપેશભાઇ રાઠોડ પધારેલ હતા તથા કેંજોરગઢના પ્રમુખ શ્રી રાજેશભાઇ પરમાર, અંગુલ ઘટકના પ્રમુખ શ્રી દિલીપભાઇ ટાંક, બાલેશ્વર ઘટકના પ્રમુખ શ્રી ઘનશ્યામભાઇ ટાંક, બ્રહ્મપુર ઘટકના પ્રમુખ શ્રી રતિલાલભાઇ ચૌહાણ, ભુવનેશ્વર ઘટકના પ્રમુખ શ્રી રાજેશભાઇ રાઠોડ પધારેલ હતા.

સર્વ પ્રથમ ૧૦ વાગ્યે સહુ મહેમાનો કટક ઘટકના શિવજી કંપનીના પ્રાંગણમાં પહોંચ્યા હતા તથા નાસ્તાનો આનંદ લીધેલ હતો. આશરે ૧૧.૩૦ વાગ્યે કાર્યક્રમનો શુભારંભ કરવામાં

આવેલ હતો. સૌ પ્રથમ કટક મહિલા મંડળ દ્વારા ગણેશ વંદના કરવામાં આવી હતી. ત્યાર બાદ મહિલા મંડળ દ્વારા વડલાનું ગાયન કરવામાં આવેલ હતું. ત્યાર પછી મંચ પર બિરાજેલ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યાર પછી પૂર્વ ઓડિશા પ્રા. પ્રમુખ શ્રી દિનેશભાઇ ટાંક દ્વારા સર્વે મહાનુભાવો અને ત્યાં ઉપસ્થિત સર્વે સમાજબંધુઓનું સ્વાગત કરવામાં આવેલ હતું. ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આરંભ કરવામાં આવેલ હતું. તેમાં કટક ઘટકના બાળકોએ સુંદર પ્રસ્તુતી રજુ કરેલ. જેમાં ગ્રીષ્મા રાઠોડ, સ્નેહલ ટાંક, અર્પિત ટાંક, આરૂષ ટાંક તથા રોમા પરમારે ભાગ લીધો હતો.

કટક ઘટક પ્રમુખ શ્રી પ્રકાશભાઇ ટાંક દ્વારા સભાને ઉદ્‌બોધન આપવામાં આવેલ હતું અને તેમણે મંચાસીન મહાનુભાવો તથા ઉપસ્થિત સભ્યોનું હાર્દિક સ્વાગત કરેલ હતું અને કટક ઘટકના કાર્યક્રમને સફળ બનાવવા માટે ધન્યવાદ પાઠવેલ. ત્યાર બાદ મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર દ્વારા ઉદ્‌બોધન આપવામાં આવેલ હતું. તેમણે કટક ઘટક તથા તેમના પ્રમુખશ્રીનું આ કાર્યક્રમના આયોજન બદલ પ્રશંસા કરી હતી. તેમણે કટક ઘટકને મહાસભાના અર્ધવાર્ષિક અધિવેશન એવં વિરાટ સગપણ સંમેલનનો પ્રસ્તાવ પણ આપેલ હતો. તેમણે મહાસભાના આદ. પ્રમુખ શ્રી યોગેશભાઇ ચાવડાના માર્ગદર્શન હેઠળ ચાલતા વિભિન્ન યોજનાઓ વિષે સહુને માહિતગાર કર્યા હતા. ત્યાર બાદ મહાસભાના મંત્રી શ્રી કિશોરભાઇ ટાંક દ્વારા ઉદ્‌બોધન આપવામાં આવેલ હતું. તેમણે મહાસભાના પૂર્વ પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઇ પરમાર દ્વારા સમાજમાં ભાગીદારી વિષે બધાને જણાવ્યું હતું અને કટક ઘટકને આ સભાનું આયોજન કરવા બદલ વધામણી આપેલ હતી. ત્યાર બાદ પ્રાદેશિક સમિતિ અંતર્ગત આવતા ૬ ઘટકોના પ્રમુખશ્રીનો દ્વારા ઉદ્‌બોધન આપવામાં આવેલ હતા. સૌએ કટક ઘટકના આ આયોજનને બિરદાવ્યું હતું.

ત્યાર બાદ ઉપસ્થિત મહિલા મંડળ પ્રમુખો બાલાબેન રાઠોર-કટક, રેખાબેન યાદવ - કેંજોરગઢ, રૂપલબેન મારૂ - અંગુલ, રીતાબેન રાઠોડ - બાલેશ્વર દ્વારા ઉદ્‌બોધન આપવામાં આવેલ હતા. ત્યાર બાદ સર્વે મહેમાનો દ્વારા કટક ઘટકના પ્રમુખ કાર્યકર્તાઓનું શાલ ઓઢાડીને સમ્માન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકો અને બાલિકાઓને મોમેન્ટો આપીને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. ત્યાર બાદ કાર્યક્રમને સફળ બનાવવા માટે કટક ઘટકના મહિલા મંડળ અને યુવામંડળનો સિંહ ફાળો હતા. પ્રા. પ્રમુખ શ્રી દિનેશભાઇ ટાંક દ્વારા બંને મંડળોની પ્રશંસા કરવામાં આવી હતી અને ધન્યવાદ પાઠવવામાં આવેલ હતા. કટક ઘટકના પ્રમુખશ્રી દ્વારા શારદાબેન વેલજીભાઇ ટાંક તથા તેમના પરિવારને આ જગ્યામાં સભાનું આયોજન માટે અનુમિત આપવા બદલ ધન્યવાદ આપેલ હતા. ત્યાર બાદ પ્રમુખશ્રીના ઉદ્‌બોધન આપવામાં આવેલ હતું. મંત્રી શ્રી કિશોરભાઇ ટાંકે આ કાર્યક્રમનું સુચારૂ સંચાલન કરવા માટે પૂર્વીબેન દીપકભાઇ રાઠોડની પ્રશંસા કરેલ હતી. પછી કટક ઘટક યુવા મંડળના મંત્રી શ્રી સિદ્ધાર્થભાઇ યોગેશભાઇ રાઠોડ દ્વારા સૌને ધન્યવાદ પ્રસ્તાવ આપવામાં આવેલ હતું અને આ સભાના અંતની ઘોષણા કરવામાં આવી હતી. ત્યાર બાદ બધાએ ખીચડાનો પ્રસાદનો લાભ લીધો હતો. ત્યાર બાદ કટક મહિલા મંડળ દ્વારા હાઉજી રમાડવામાં આવેલ હતી. અંતમાં બધાએ રાસ-ગરબાનો આનંદ લીધો હતો. સાંજે પાંચ વાગે બધાએ પ્રસ્થાન કર્યું હતું.

## આદીપુર ઘટક



તા. ૧૮-૧૨-૨૦૨૨, રવિવારના રોજ શ્રી ક.ગુ.ક્ષ. સમાજ મહાસભા કચ્છ પ્રાદેશિક સમિતિ દ્વારા નવનિયુક્ત કચ્છ પ્રાદેશિક સમિતિના પ્રમુખ શ્રી રમણીકભાઇ પ્રાગજીભાઇ વાઢેરનો સન્માન કાર્યક્રમ અંજાર સમાજ ભવન મધ્યે રાખવામાં આવેલ. ઉપરોક્ત પ્રસંગે શ્રી રમણીકભાઇ પ્રાગજીભાઇ વાઢેરનું આદીપુર ઘટક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આદીપુર ઘટકના સલાહકાર સભ્ય શ્રી વલ્લભજીભાઇ પી. વાઘેલા, મંત્રી શ્રી દિપકભાઇ સી. રાઠોડ, ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જે. સોલંકી, ઉપપ્રમુખ શ્રી પ્રવિણભાઇ ડી. ચૌહાણ તથા મહામંત્રી શ્રી જેભાઇ વી. રાઠોડ ઉપસ્થિત રહેલ. ઉપરોક્ત સન્માન સમારોહ પ્રસંગે આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ સોલંકીનું પણ કચ્છ પ્રાદેશિક પ્રમુખશ્રી દ્વારા સન્માન કરવામાં આવેલ.

તા. ૧૪-૧-૨૩, શનિવારના રોજ ઉત્તરાયણ નિમિત્તે આદીપુર ઘટકના સભ્ય શ્રીમતી પલ્લવીબેન એમ. પરમારે તેમના ઘરે ઉંધીયું બનાવી અગાઉથી નોંધાયેલ સભ્યોને ઉંધીયું વિતરીત કર્યું હતું. અંદાજે ૭૦ કિલો ઉંધીયાનું વિતરણ કરવામાં આવેલ. શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ આયોજીત સરસ્વતી સન્માન સમારોહ તા. ૨૨-૧-૨૩ના રોજ ગાંધીધામ સમાજ



ભવનમાં યોજવામાં આવેલ. ઉપરોક્ત સરસ્વતી સન્માન સમારોહમાં આદીપુર ઘટકના ૧૩ વિદ્યાર્થીઓને ઇનામ/સર્ટીફીકેટ આપી સન્માનીત કરવામાં આવેલ.

ભારતનો ૭૪મો પ્રજાસત્તાક દિન તા. ૨૬ જાન્યુઆરી-૨૦૨૩ના રોજ સવારે ૯.૩૦ વાગે આદીપુર સમાજ ભવન મધ્યે ખુબજ ઉત્સાહ, ઉમંગ અને ખુશી સાથે ઉજવવામાં આવ્યો. ઉપરોક્ત ધ્વજવંદનના કાર્યક્રમમાં ઘટક સભ્યો બહોળી સંખ્યામાં હાજર રહી દેશભક્તિ અને સમાજ પ્રત્યેની લાગણી પ્રદર્શીત કરેલ. આ વખતે આદીપુર સમાજ ભવનમાં ઘટકના સીનીયર સીટીઝન સભ્યોના હસ્તે ત્રિરંગો ધ્વજ ફરકાવવામાં આવેલ. સીનીયર સીટીઝન સભ્યો વડીલ શ્રી ઇશ્વરલાલ ટાંક, ઘટકના સલાહકાર સભ્ય શ્રી અરવિંદભાઇ પરમાર, સલાહકાર સભ્ય શ્રી વલ્લભજીભાઇ વાઘેલા, સતિષભાઇ ટાંક, જગદીશભાઇ યાદવ તથા ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઇ સોલંકી હાજર રહેલ. ધ્વજ ફરકાવ્યા બાદ ધ્વજને સલામી આપ્યા બાદ અને ત્યાર બાદ આદીપુર ઘટક પ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઇ જયંતિલાલ સોલંકીએ પોતાના ઉદ્બોધનમાં ગણતંત્ર દિવસની શુભેચ્છા પાઠવી હતી અને આવી ખુબજ ઠંડીમાં બહોળી સંખ્યામાં હાજર રહી દેશભક્તિ અને સમાજ પ્રત્યેની લાગણી પ્રદર્શીત કરવા બદલ હાજર રહેલા સભ્યોનો આભાર માન્યો હતો અને આ પર્વનું મહત્વ સમજાવ્યું હતું. ત્યાર બાદ પ્રસંગને અનુરૂપ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અનિતાબેન એન. ટાંકે પોતાનું પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ઘટક મંત્રી શ્રી દિપકભાઇ રાઠોડે કર્યું હતું. ત્યાર બાદ ગ્રુપ ફોટો પડાવી ભારત માતા કી જય... વંદે માતરમ્... બોલી વાતાવરણ ગુંજવી નાખ્યું હતું. ત્યાર બાદ બધાએ મીઠું મોઢું કરી છુટા પડ્યા હતા.

## રાજકોટ ઘટક






તા. ૨૭/૧૧/૨૨, ના રોજ મહાસભા ના પ્રમુખ શ્રી યોગેશ ભાઈ મગન ભાઈ ચાવડા તથા તેમની ટીમ, ઉપપ્રમુખ શ્રી વિનોદ ભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ શ્રી તથા લક્ષ્ય સમિતિ ના પ્રમુખ શ્રી પરેશ ભાઈ ચૌહાણ અને વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદ ભાઈ ખોડીયાર એ રાજકોટ ઘટક ની મુલાકાત લીધેલ. સૌ પ્રથમ રાજકોટ ઘટક ના કારોબારી ટીમે તેમનું સ્વાગત કરેલ. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય થી કરવામાં આવેલ. જેમાં મહાસભાના પ્રમુખ, ઉપપ્રમુખ, વરિષ્ઠ મહામંત્રી, રાજકોટ ઘટક પ્રમુખ, શ્રી પ્રફુલ્લ ગોહિલ, મહિલા મંડળ પ્રમુખ અને મીનાબેન ચાવડા દ્વારા કરવામાં આવેલ અને મહિલા મંડળ દ્વારા પ્રભુ પ્રાર્થના કરી. ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત ફૂલહારથી કરેલ અને શાલ ઓઢાડવા માં આવેલ.

ત્યાર બાદ રાજકોટ ઘટક દ્વારા સુંદર કૃતિ રજુ કરેલ. ખંજના વાઢેર અને દિયા ટાંક દ્વારા સ્વાગત નૃત્ય રજુ કરેલ, જેનીલ ટાંક દ્વારા ડાન્સ કરેલ અને અંજલિ રાઠોર દ્વારા ગીતાજી ઉપર પ્રવચન આપેલ. ત્યાર પછી ઘટક મંત્રી રાજન ભાઈ પરમાર એ કાર્યક્રમ ની શરુઆત કરી અને બધા મહેમાનો નું સ્વાગત કરેલ. સૌ પ્રથમ રાજકોટ ઘટક પ્રમુખશ્રી ચંદ્રેશભાઇ ચાવડા એ



પધારેલ મહેમાનનું સ્વાગત કરેલ અને મહાસભાના પ્રમુખશ્રીની ઉપલબ્ધિ વિશે જણાવેલ. ત્યારબાદ લક્ષ્ય સમિતિના પ્રભારી અને મહાસભાના ઉપપ્રમુખ શ્રી પરેશ ભાઈ ચૌહાણ, મહાસભાના ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ ચૌહાણ, મહાસભાના વરિષ્ઠ મહામંત્રી શ્રી વિનોદભાઈ ખોડીયારએ મહાસભાની યોજના વિશે વાત કરેલ અને પોતાના મંતવ્ય રજૂ કરેલ. અંતે મહાસભાના પ્રમુખશ્રી યોગેશભાઈ ચાવડાએ પોતાના કાર્યકાલમાં જે કાર્ય કરેલ અને જે કરવાના છે તેની માહિતી આપેલ. છેલ્લે શ્રીમતી મીનાબેન દ્વારા પણ બે શબ્દ રજૂ કરેલ. ત્યારબાદ રાજકોટ ઘટક તરફથી શ્રી યોગેશભાઈ ચાવડા અને તેમની ટીમને મોમેંટો પ્રદાન કરેલ. અંતે બધા સાથે મળીને ભોજન કરેલ, અને પછી શ્રી કિરણભાઈ ખોડીયાર એ આભાર વિધિ વ્યક્ત કરેલ. આ કાર્યક્રમ ને સફળ બનાવામાં રાજકોટ કારોબારી ટીમ, મહિલા મંડળ, યુવા મંડળ અને ઘટક ના સભ્યો નો ખૂબ સાથ સહકાર મળેલ.

## વડોદરા ઘટક





શ્રી ક.ગુ.ક્ષ. સમાજ વડોદરા ઘટક દ્વારા તા. ૨૨-૦૧-૨૩, રવિવારના રોજ લીફ્ટ લોકાર્પણ કાર્યક્રમ અને સાથે વડીલવંદનાનું આયોજન કરવામાં આવેલ હતું. આપ સૌ જાણો છો તેમ ગુજરાતની કલા અને સાંસ્કૃતિક નગરી વડોદરાએ પોતાની અત્યાધુનીક સુવિકસીત સંપૂર્ણ નવા જમાનાના ક્લેવર અને ફ્લેવરવાળી સમાજવાડી ધરાવે છે. તેની કલગીમાં વધુ એક પીછું એટલે કે લીફ્ટ પણ હવે લાગતા સંપૂર્ણ વાડી તૈયાર થઇ ગઇ છે. લીફ્ટના દાતા શ્રી ગીરધરભાઇ કેશવજીભાઇ મારૂ તેમજ સહદાતા ડૉ. હરસુખલાલભાઇ ગોવિંદભાઇ પરમારના સહકાર અને આશીર્વાદથી આ કાર્ય ફક્ત એક મહિનામાં જ પૂર્ણ કરી તેમને આપેલ બાંહેધરી મુજબ સમયમર્યાદામાં પૂર્ણ કર તેમના જ પરિવારના હસ્તે આજરોજ લીફ્ટનું લોકાર્પણ કરી સમસ્ત સમાજ માટે ખુલ્લી મુકવામાં આવી હતી.

એજ રીતે વડોદર ઘટક કંઇક નવું કરવાની પહેલ હંમેશા કરતું આવ્યું છે. તો જ્યારે આજે સંપૂર્ણ સમાજવાડીનું કાર્ય પૂર્ણ થઇ ગયું છે ત્યારે વડોદરામાં વસતા ૭૦ કે તેથી વધુ ઉંમરના વડીલોને સન્માનવાનું કેમ ભુલી જવાય ? લગભગ ૪૮ જેટલા વડીલોનું શાલ-પુષ્પગુચ્છ અને શ્રીફળ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આજ વડીલોના આશીર્વાદ અને માર્ગદર્શનથી જ આવું મોટું કાર્ય અમો આજે પૂર્ણ કરી શક્યા છીએ. એટલે જ અમો સમાજભવનનું નામ પણ ''વડિલ વારસો'' એમ આપેલ છે. આ લીફ્ટના દાતાઓમાં શ્રી મનોજભાઇ પુરૂષોત્તમભાઇ સોલંકી, શ્રી સુભાષભાઇ રતીલાલભાઇ ચાવડા - વડોદરા, શ્રી રાહુલભાઇ છગનભાઇ પરમાર - વડોદરા, શ્રી રાજેશભાઇ પરસોત્તમભાઇ વરૂ - રાઉરકેલા, શ્રી જગદીશભાઇ પરસોત્તમભાઇ વરૂ - વડોદરા, શ્રી પ્રભુલાલભાઇ ભવાનભાઇ

રાઠોડ - વડોદરા, શ્રી કુમારભાઇ શરદભાઇ ચૌહાણ - વડોદરા તરફથી રૂા. ૫૧,૦૦૦ અનુદાન લીફ્ટ માટે આપવામાં આવ્યું હતું. જે બદલ વડોદરા ઘટક આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે. આજરોજ વડોદરા ઘટક મહિલા મંડળ દ્વારા સમુહ શ્રી રાંદલમાતા સ્થાપનનો પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

સત્ર ૨૦૨૨-૨૫ની નવી કારોબારી આવ્યાના સાત મહિનામાં જ સમાજવાડી મધ્યે નવું પાણીયારૂં, ઇમરજન્સી એક્ઝીટ, લીફ્ટ, સમાજવાડીનો મુખ્ય પ્રવેશદ્વારમાં નવો ગેટ અને ઉપર ડેકોરેટીવ લાઇટવાળો અત્યાધુનિક પ્રવેશ દ્વાર, ૧૦ નવા એ.સી.નું ઇન્સ્ટોલેશન તેમજ નવું કારોબારી કાર્યાલય જેવા વિવિધ કાર્યો પણ સૌના સાથ-સહકારથી પૂર્ણ કરેલ છે. આ સાથે ઘટકની બે નવી યોજનાઓ જેમાં અભ્યાસ માટેની તેમજ મેડીકલ ઇમરજન્સી માટે વગર વ્યાજની લોન યોજનાનો પણ સમાવેશ કરવામાં આવે છે.

તે જ રીતે આપણા સમાજને એકમાત્ર કન્યા છાત્રાલય કુકમાની બહેનો પ્રવાસ તા. ૧૦-૧૨-૨૨ના વડોદરા પહોંચ્યો હતો જેનું સ્વાગત ઘટક પ્રમુખ અને મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. જેમના માટે સવારનો નાસ્તો અને બપોરના ભોજનની વ્યવસ્થા ઘટક દ્વારા કરવામાં આવી હતી. તેવી જ રીતે વિદ્યોતેજક મંડળનું ખેંગારજી ગાંગજી રાઠોડ વિદ્યાલય (માધ્યમીક વિભાગ) કુકમા સ્કુલના વિદ્યાર્થીઓનો પ્રવાસ ઉમેશભાઇ ચૌહાણ સાથે તા. ૨૮-૧૨-૨૨ના વડોદરા પધાર્યો હતો. જેમની પણ બે દિવસની રહેવાની વ્યવસ્થા ઘટક દ્વારા કરવામાં આવી હતી. જેમાં લગભગ ૨૧૦ જેટલા વિદ્યાર્થીઓ હતા.

આજ રીતે આપણા સમાજના સંગીતપ્રેમી સમાજબાંધવાનું ગ્રુપ એટલે કે શ્રી ક.ગ.ક્ષ. મ્યુઝીક ગ્રુપનું ત્રણ દિવસનો સંગીત મીલન-૨૨નો કાર્યક્રમ પણ વડોદરા ઘટક સમાજ ભવન મધ્યે ખુબ સારી રીતે હસતા, ગાતા, આનંદ-પ્રમોદ કરતા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશના દરેક ખુણામાંથી લગભગ ૧૦૦ જેટલા સંગીતપ્રેમી સમાજબંધુઓ સમાજ ભવનનો આનંદ માણ્યો હતો. અને દરેક સમાજભવનના ખુબજ વખાણ કર્યા હતા. તેમાંનાં જ શ્રી રાજેશભાઇ ભગવાનલાલ પરમાર - રાઉરકેલા દ્વારા ઘટકની પ્રવૃત્તિઓ અને લીફ્ટના કામથી પ્રભાવીત થઇ રૂા. ૫૧૦૦૦નું અનુદાન જાહેર કરેલ જે તેમણે જણાવ્યા પ્રમાણે સમયસર ઘટકને અર્પણ પણ કરેલ હતું. આમ ખુબ સારા કાર્યો કરવાની પ્રેરણા સમાજબંધુઓથી મળતી રહે તેવી પ્રાર્થના સાથે જય સમાજ....

## હાજાપર ઘટક



હાજાપર ઘટકના મુખ્ય એજન્ડા રૂપે હાજાપર સમાજ ભવન નિર્માણમાં સંપૂર્ણ ભારતવર્ષમાં વસતા હાજાપર વાસીઓનો હાજાપર સમાજભવનના નિર્માણમાં સંપર્ક સેતુના નેજા હેઠળ સંપર્ક કરવાનું નક્કી થયેલ છે. સાથે સાથે સમાજ ભવનના નિર્માણમાં ભગીરથ પ્રયાસને યોગ્ય આર્થિક સહાય આપી, આપણા પૂર્વજો-વડીલોનું સન્માન કરવું, અને સ્વયંની જન્મભૂમી પ્રત્યેનું ઋણ અદા કરી, આ સુવર્ણ અવસરનો લાભ આપવાનો છે. સેતુ સમાજ સંદેશના માધ્યમથી છેલ્લા બે વર્ષમાં હાજાપર ભવનની પ્રગતિ સાથે હાજાપર વિરાસત જાળવણી ફંડરૂપે અલગથી લેવાયેલ અંદાજે ૧.૭૫ હજાર (એક લાખ પંચોતેર હજાર)માંથી લગભગ એક લાખનો ખર્ચ થયેલ છે. જેમાં આપણા પૂર્વજો-વડીલો બનાવી ગયેલા વિરાસતરૂપી મુખ્ય ઠાકર મંદિરમાં નવું ઇલેકટ્રીક કાર્ય અને સુરક્ષારૂપે લોખંડના દરવાજા અને ગ્રીલ, હાજાપર ગામનું મુખ્ય ઠાકર મંદિર નિર્માણ બાદ પહેલી વખત મંદિર અંદર ફ્લોરીંગમાં આકર્ષક મકરાણા માર્બલ પોલીશીંગ કર્યું, સંપૂર્ણ ગામવાસીઓને ઉપયોગમાં આવે સાથ સાથે પરમાર-યાદવના માતાજીના ગોઠી ભાઇઓને હાજાપર ગામનું મુખ્ય ઠાકર મંદિરના દર્શનનો લાભ મળે, તે હેતુસર જેસીબી દ્વારા મંદિર સુધી ઉમરલાયક વડીલો પગપાળા કે ગાડી દ્વારા પહોંચી શકે તેવો સગવડભર્યો રસ્તાનું કાર્ય પૂર્ણ કર્યું. આપણા પૂર્વજો, વડીલો અને સ્વયં જે કુવાનું પાણી પી અને આજે સુખમય પારિવારીક જીંદગીમાં આનંદ માણી રહ્યા છીએ તે કુવાની સફાઇ કરાવી, તેની સુરક્ષા અને જાળવણીરૂપે લોખંડની ગ્રીલ બનાવેલ છે.



મૂળ હાજાપર નિવાસી અને હાલ પુના રહેતા શ્રી ક.ગુ.ક્ષ. સમાજના સર્વ પ્રથમ યુવા મંડળ પ્રમુખ આદ. શ્રી કેશવજીભાઇ જીવણભાઇ યાદવ તથા અન્યોના નિમંત્રણને માન આપી હાજાપર ઘટકના પ્રમુખ શ્રી નવીનભાઇ યાદવ, સમાજ ભવનના મુખ્ય દાતાશ્રી વલમજીભાઇ વાઘેલા, મંત્રી શ્રી ઇશ્વરલાલભાઇ પરમાર, ખજાનચી શ્રી રાઘવજીભાઇ પરમાર અને ઉપપ્રમુખ શ્રી અર્જુનભાઇ પરમારને પૂના ઘટક પધારવાનું નિમંત્રણ મળેલ હતું. ત્રણ દિવસના પ્રવાસમાં શ્રી કપીલભાઇ યાદવ, નારણભાઇ પરમાર, હિમાંશુભાઇ યાદવ, યુવા મંડળના પ્રથમ પ્રમુખ શ્રી કેશવજીભાઇ જીવણ યાદવ અને હાલમાં પુના ઘટકના ઉત્સાહી મનોજભાઇ વિજયભાઇ યાદવ તરફથી વિશેષ પૂના ઘટકના બે સત્ર સુધી યશસ્વી અને સફળ પૂર્વ મંત્રી શ્રી હિતેશભાઇ મોહનભાઇ ટાંક તથા તેમની ટીમ દ્વારા ભવ્ય-આધુનિક સગપણ સંમેલન યોજાયા હતા. આ સર્વે હાજાપરવાસીઓના ઘરે ભારતીય સંસ્કૃતિની યાદ કરાવે તેવું આતિથ્ય માણ્યું. હાજાપર સમાજ ભવનના દાતાશ્રી રૂપે ફંડ આપી ધન્યતા અનુભવી હતી. વિશેષતારૂપે ભુમીપુજન અથવા લોકાર્પણમાં અમો સહપરિવાર આવશું તેવી આશા વ્યક્ત કરેલ હતી.

પુના ઘટકના ત્રણ દિવસના પ્રવાસ દરમ્યાન ગામ વીડી, જન્મસ્થાન રાયપુર અને કર્મભુમિ પુના મધ્યે છેલ્લા પંદર વર્ષથી પ્રતિષ્ઠિત માસ્ટર કાર્ડ કંપનીમાં ઉચ્ચ પદ પર આઇ.ટી.માં નોકરી કરી રહેલા શ્રી દુરનીત કાંતિલાલ ચૌહાણે પોતાનો અમુલ્ય સમય આપી સમાજ સેવાનું ઉદાહરણ પુરૂં પાડેલ હતું. તેમનો આભાર માનવામાં આવેલ. આ સાથે પુના ઘટકના સર્વે હાજાપરવાસીઓ અને હાજાપર સમાજ ભવનમાં દાતાશ્રીઓએ આપેલ આર્થિક સહયોગ બદલ આભાર. હાજાપરવાસીઓને નમ્ર નિવેદન કે કોર કમિટી આ સંપર્ક સેતુના નિર્ણયને હૃદયપૂર્વક સમજવાનો અને અનુસરવાનો પ્રયત્ન કરશો. આ નિર્ણય મુજબ લગભગ સંપૂર્ણ ભારતવર્ષમાં વસતા હાજાપરવાસીઓથી સંપર્ક સેતુના નેજા હેઠળ રૂબરૂ મુલાકાત જે કંઇપણ આર્થિક સહયોગ-ધનરાશી મળે તેનો આ હાજાપર સમાજ ભવનમાં ઉપયોગ લેવાનો છે. સુખી સંપન્ન પરિવારો દ્વારા આર્થિક સહાયની અત્યંત જરૂર છે. અમારો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિ અને ધનરાશીથી વિશેષ હાજાપર ગામ પ્રત્યેનો પ્રેમ, સ્નેહ, ફરજ અને ઋણ સ્વીકારવાનો છે.

જેથી તે ભવિષ્યમાં પરિવાર સાથે જ્યારે જ્યારે હાજાપર ગામની મુલાકાત લે અને આ સમાજ ભવનની સમક્ષ ઉભો રહે ત્યારે તે ગૌરવ અનુભવી શકે કે આ સમાજ ભવનમાં એક ગુણી સિમેન્ટની અથવા બે ગુણી રેતી મારા તરફથી વપરાયેલ છે બસ ખરો આ જ ઉદ્દેશ છે. આપણા હાજાપર સમાજ ભવનનો. વિશેષ જાણકારી, માર્ગદર્શન માટે સંપર્ક ઘટક પ્રમુખ શ્રી નવીનભાઇ પ્રેમજીભાઇ યાદવ મો. ૯૮૨૧૮૪૦૧૫૯.

## કેંજોરગઢ ઘટક

કેંજોરગઢ ઘટક દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૬-૦૧-૨૦૨૩ના પ્રજાસત્તાક દિવસના અવસર પર સમાજવાડીમાં ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિશ્રી રમેશભાઇ પંડ્યાના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. સવારે ૮.૩૦ વાગ્યે સૌ સમાજવાડીમાં ઉપસ્થિત થયા હતા. મુખ્ય અતિથિ પધાર્યા બાદ ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ શિવલાલ પરમાર તથા યુવા મંડળ પ્રમુખ શ્રી શિવકુમાર શીવજીભાઇ રાઠોડે પુષ્પગુચ્છ આપી તથા શાલ ઓઢાડી તેમનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ મુખ્ય અતિથિ દ્વારા ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત બાળકો તથા સૌ સદસ્યોએ રાષ્ટ્રગીત ગાયું હતું. મંત્રી શ્રી મનોજભાઇ પરસોત્તમભાઇ ચાવડાએ મુખ્ય અતિથિ તથા ઉપસ્થિત સૌ ભાઇઓ-બહેનોનું સ્વાગત કર્યું હતું.




શ્રીમતી રીતાબેન કિશોરભાઇ રાઠોડ, શ્રી અંશ રાજેશભાઇ રાઠોડ તથા શ્રી જયેશભાઇ ગીરધરલાલ રાઠોડે ઉદ્બોધન કર્યું હતું તથા દેશભક્તિ ગીત ગાયું હતું. ઘટક પ્રમુખ શ્રી રાજેશભાઇ, યુવા

મંડળ પ્રમુખ શ્રી શિવકુમારભાઇ તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી રેખાબેન જાદવજી યાદવએ તેમના ઉદ્‌બોધનમાં સમાજમાં ચાલતી પ્રવૃત્તિઓ તથા કાર્યક્રમો વિષે જાણકારી આપી હતી. મુખ્ય અતિથિ શ્રી રમેશભાઇએ તેમના ઉદ્‌બોધનમાં દેશના વીર જવાનો તથા સ્વતંત્ર સેનાનીઓને યાદ કર્યા હતા. ત્યાર બાદ યુવા મંડળ દ્વારા આયોજીત ખેલકુદ પ્રતિયોગીતાના વિજેતાઓને ઇનામો આપવામાં આવ્યા હતા. સભાના અંતમાં યુવા મંડળ પ્રમુખ મુખ્ય અતિથિ તથા ઉપસ્થિત સૌ સમાજબંધુઓને ધન્યવાદ પાઠવ્યા હતા. મંત્રી શ્રી મનોજભાઇએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અંતમાં સૌ અલ્પાહાર લઇ છુટા પડ્યા હતા.

## બિલાસપુર ઘટક



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ બિલાસપુર ઘટક દ્વારા તા. ૨૬-૧-૨૦૨૩ ગણતંત્ર દિવસ કાર્યક્રમનું આયોજન શ્રી ગુજરાતી સમાજ ભવનમાં કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રીતુબેન ખુશાલભાઇ ચૌહાણ દ્વારા ધ્વજવંદન કરી સાથે રાષ્ટ્રગાન કરવામાં આવેલ. ત્યાર પછી મુખ્ય અતિથિ દ્વારા સર્વે બંધુઓને સંબોધન કરવામાં આવેલ.

આ અવસર પર છત્તીસગઢ પ્રાદેશિક મંત્રી શ્રી ભાવેશભાઇ નરસિંહભાઇ ગોહિલ, બિલાસપુર ઘટક મંત્રી શ્રીમતી શર્મિલાબેન ભુપેશભાઇ ચાવડા, ઘટક કોષાધ્યક્ષ શ્રી વિજયભાઇ ચાવડા તથા અન્ય પદાધિકારીઓ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સર્વે સમાજબંધુઓ દ્વારા વસંતપંચમીની પણ શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.


## શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ (ઓખા મંડળ) ટ્રસ્ટ, દ્વારકા

તીર્થધામ દ્વારકા મુકામે આપણી ધર્મશાળામાં આપને આવકાર છે. આપના આગમનની તારીખ અને સમય અઠવાડીયા પહેલા ફોન દ્વારા જણાવશો તો વિશેષ અનુકુળતા રહેશે. ધાર્મિક કે સામાજિક પ્રસંગો માટે ચાર મહિના પહેલાં સંપર્ક કરવો જરૂરી છે.

ખાસ નોંધ : સરકારી નિયમ મુજબ, યાત્રીએ પોતાનું આઇકાર્ડ સાથે રાખવું ફરજિયાત છે. ફોન કરનારે પ્રથમ પોતાની ઓળખ વતન-ગામ સાથે આપવી જરૂરી છે.

**ફોનથી બુકીંગ કરવા માટેનો સમય :**

**સવારે** ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી, **સાંજે** ૫.૦૦ થી ૮.૦૦ સુધી


**ચેકઇન ટાઇમ :** સવારે ૧૦.૦૦, **ચેકઆઉટ ટાઇમ :** બીજા દિવસે સવારે ૧૦.૦૦

સરનામું : કચ્છી સમાજ ભવન, ગોમતી રોડ, રામેરામ ધર્મશાળા પાસે, દ્વારકા - ૩૬૧૩૩૫ મેનેજર : ૮૯૮૦૦૫૮૧૫૬, પ્રમુખ : ૯૯૨૪૪૧૧૮૦૭

Hemraj Damji Solanki
Ketan H. Solanki (B.Arch.)
Samir H. Solanki (B.E.)

098221 17126
098226 67940
097654 82266

**M/s. DAMJI GANGJI & Co. (Forest Contractor)**



**M/s. SAMEER TRADERS (Agencies House)**

**3rd DIMENSION (Architect & Engineers)**

D.G. Market, 1st Floor, Opp. Bus Station, Post Box No. 32, Po & Dist. NANDURBAR (M.S.) Ph. 02564 - 222365

## Shree Kutch Gurjar Kshatriya Samaj
## Co-Operative Credit & Supply Soc. Ltd.

(Reg.No. REG/AHD/C/SE(SH) 46754/2022)

Shop No. 41, New G-Ward, Near Bus Stop, Kubernagar, Ahmedabad - 382340.

# અમદાવાદ સમાજ ઉત્કર્ષ બચત યોજના

અમદાવાદ ઘટકમાં છેલ્લા ૪૦ વર્ષથી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજના નામે ચાલતી ક્રેડીટ સોસાયટીના જ સભ્યો દ્વારા સંચાલન કરતા કમીટીના સમાજબંધુઓના અથાગ મહેનતને પ્રયાસોથી એકબીજાને જોડવા સાથે એમની જ બચતમાંથી લોન સ્વરૂપે આર્થિક તેમજ વ્યવસાયીક રૂપે મજબુત થવાનુંને સમાજના ભાઇ-બહેનો આગળ આવે તેવી સફળતા અમદાવાદ ઘટકની ક્રેડીટ સોસાયટીએ પ્રાપ્ત કરેલ છે.



ઘટક પ્રમુખ દયારામભાઈ રાઠોડ અને જયરામભાઈ પરમાર સાથે સોસાયટીના ચેરમેન દીપકભાઈ ચાવડા દ્વારા સોસાયટીનો શુભારંભ કરવામાં આવ્યો

જેમાં હાલ આજ સોસાયટીએ ગુજરાત સરકારના ધારા ધોરણ નિયમ મુજબ કાયદેસર માન્યતા પ્રાપ્ત રજીસ્ટર નંબર મેળવી શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કો-ઓપરેટીવ ક્રેડીટ એન્ડ સપ્લાય લીમીટિડ રજી.નં. REG/AHD/C/SE(SH) 46754/2022 અમદાવાદ જીલ્લા પૂરતું ચાલુ કરેલ છે. ડીજીટલ યુગને ધ્યાનમાં રાખીને ક્રેડીટ સોસાયટીના સભ્યને (૧) તાત્કાલીક એક જ કલાકમાં લોનની સુવિધા. (૨) રાહત ૧૦% વ્યાજે ૧,૫૦,૦૦૦ ની સરળ ૧૨,૨૪,૩૬ હપ્તે લોન. (૩) કાયદેસર પૈસા ભર્યાની પહોંચ. (૪) ઇન્કમ ટેક્સમાં લોનની રકમ મજરે મળે. (૫) વાર્ષિક ઓડીટ રીપોર્ટ સાથે ડિવીડન્ટની ભેટ. (૬) સંપૂર્ણ કામ કોમ્પ્યુટરાઇઝડ. (૭) પારદર્શી વહીવટ - બેંકમાં UPI થી ઓનલાઇન પૈસા ભરવાની સગવડને ઘણું બધું...

''**સમાજના ભાઈ-બહેન વધે આગળ મારો સમાજ રહે આગળ**''ના વિચારને લક્ષ્યાંક સાથે શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ કો-ઓપરેટીવ ક્રેડીટ સપ્લાય સોસાયટી કામ કરી રહી છે.

**:: સોસાયટીના પ્રાયોજકો ::**

| | |
|---|---|
| ચેરમેન - દિપકભાઇ મુકુન્દભાઇ ચાવડા | કા-સભ્ય - દિપકભાઇ લીલાધરભાઇ જેઠવા |
| સેક્રેટરી - નિલેશભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ | કા-સભ્ય - અનિલભાઇ કાન્તિલાલ ચૌહાણ |
| ખજાનચી - મયુરભાઇ કાન્તિલાલ રાઠોડ | કા-સભ્ય - પસ્વીનભાઇ રમેશભાઇ ચૌહાણ |
| કા-સભ્ય - જગદીશભાઇ હિંમતલાલ ચૌહાણ | કા-સભ્ય - યોગેશભાઇ જયંતિલાલ ચૌહાણ |
| કા-સભ્ય - અમિતભાઇ પ્રભુલાલ ચૌહાણ | કા-સભ્ય - શૈલેષભાઇ દયારામભાઇ રાઠોડ |

**નોંધ : સમાજનો કોઇપણ વ્યક્તિ આને લગતી માહિતિ માટે નીચે આપેલ નંબર ઉપર પૂછપરછ કરી શકે છે.**

**નિલેશભાઇ પુરૂષોત્તમભાઇ ચૌહાણ** - મો. 9998968933 **દિપકભાઇ મુકુન્દભાઇ ચાવડા** - મો. 8490909001

## ‘માતૃ-પિતૃ વંદના’

**ગૃહસ્થ જીવનના ૫૧ વર્ષ પૂર્ણ કરતા અમારા પરિવારના આધારસ્તંભ માતૃશ્રી તથા પિતાશ્રીને લગ્નની ૫૨મી વર્ષગાંઠે વંદન... અભિનંદન...**




## શ્રી ગિરધરલાલ નાનાલાલ રાઠોડ એવં શ્રીમતી હીરાગૌરીબેન ગિરધરલાલ રાઠોડ

**શુભ વિવાહ દિનાંક : ૧૭/૦૨/૧૯૭૨, અંજાર (કચ્છ)**

અમારા પિતાશ્રી ગિરધરલાલ નાનાલાલ રાઠોડ તથા માતા અ.સૌ. હીરાગૌરીબેન ગિરધરલાલ રાઠોડ એ સાર્થક “ગૃહસ્થ જીવનના ૫૧ વર્ષ” પૂર્ણ કર્યા છે. તા. ૧૭/૦૨/૧૯૭૨ના પવિત્ર દિવસે સંસાર પથ પર સહિયારા પગરણ પાડ્યા. ગૃહસ્થ જીવનની આનંદમય યાત્રાના ૫૧ વર્ષમાં તેમના પુરૂષાર્થ અને પ્રેરણાએ અમારા સૌના જીવનને ખીલવ્યા અને સુગંધિત કર્યા.

“લગ્નની ૫૨ મી વર્ષગાંઠે” અભિનંદન સહ માતા-પિતાના ચરણોમાં સાદર વંદન...

**:: શુભેચ્છક પરિવારજનો ::**

ભાવેશ ગિરધરલાલ રાઠોડ    રીંકુ ભાવેશ રાઠોડ
જયેશ ગિરધરલાલ રાઠોડ    દિપાલી જયેશ રાઠોડ
અતુલ ગિરધરલાલ રાઠોડ
પલ્લવીબેન પ્રકાશકુમાર ટાંક    પ્રકાશકુમાર એચ. ટાંક
સિદ્ધાર્થ ટાંક, વચન, જયની, વિહાન, આહના

**તથા સમસ્ત રાઠોડ પરિવાર - અંજાર**

## ગાંધીધામ ઘટક અને સાર્વજનિક ટ્રસ્ટના સ્નેહમય આમંત્રણથી શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ આયોજિત પ્રાદેશિક સ્તરના સરસ્વતી સન્માન સમારોહની તસ્વીર



## ગાંધીધામ ઘટક અને સાર્વજનિક ટ્રસ્ટના સ્નેહમય આમંત્રણથી શ્રી ક.ગુ.ક્ષ. કેળવણી મંડળ આયોજીત પ્રાદેશિક સ્તરના સરસ્વતી સન્માન સમારોહની તસ્વીર



# હાર્દિક અભિનંદન

દુર્ગ નિવાસી ડૉ. હિતેશભાઇ તથા ડૉ. નિરૂપાબેનના સુપુત્ર **ચિ. આશુજ**ને I.I.T. Mumbai IDC ના Campus Placement માં Industrial Designer ની Job પ્રાપ્ત થયેલ છે.

B.E. - B.I.T. Bangalore (Instrumentation Technology)
M.S., R.I.T. Newyork, U.S.A.(Intergrative Design)
M.Design I.I.T. Mumbai IDC

Inter I.I.T. ના Live Sketching competition માં પ્રશંશનીય પ્રદર્શન માટે તેમને અભિનંદન... તમારી ઉપલબ્ધીઓ તથા અભિરૂચીઓથી ચાવડા પરિવાર તથા સમાજનું ગૌરવ વધારવા બદલ ખૂબ ખૂબ અભિનંદન તથા આશીર્વાદ....

:: શુભેચ્છક પરિજનો ::

| | | |
|---|---|---|
| દાદી-દાદા | ગં.સ્વ. ત્રિવેણીબેન - ડૉ. ભૂપતભાઇ (M.D. Medicine) | દુર્ગ |
| માતા-પિતા | ડૉ. નિરૂપાબેન (Gynecologest) - ડૉ. હિતેશભાઇ (Dy. C.M.O.,B.S.P. Hos.) | દુર્ગ |
| નાની બહેન | કુ. રિશિકા B.A.F. Mumbai (Narsee Moonji College) | |
| કાકી-કાકા | અ.સૌ. મમતાબેન (M.B.A.) મુકેશભાઇ (M.B.A.) | રાયપુર |
| કાકી-કાકા | અ.સૌ. રૂચિકાબેન (M.B.A.) ડૉ. ભરતભાઇ (Dermatologist) | દુર્ગ |
| નાની-નાના | સ્વ. મંજુલાબેન - સ્વ. મહેન્દ્રભાઇ રાઠોડ (Business) | હુજુરાબાદ |
| મામી-મામા | અ.સૌ. પ્રતિભાબેન (LL.B.;L.L.M. Ph.D.) - અજેન્દ્રભાઇ (Engineer) | વરંગલ |
| માસી-માસા | અ.સૌ. અનુપમાબેન (Engineer) અમિતભાઇ (Engineer) | U.S.A. |
| ભાઇ-બહેન | જુહિત, અમૂલ્ય, મનિત, વરૂણ, દર્શિતા, માનસી, મિશા | |

## Personal Information :-

| | | |
|---|---|---|
| Date of Birth | : | 25-11-1993 |
| Time of Birth | : | 7.53 am |
| Place of Birth | : | Bhilai (C.G.) |
| Height | : | 5'8" |
| Complexion | : | Fair |
| Gotra | : | Kashyap |
| Kuldevi | : | Shri Brahmani Maa, Shri Sikotar Maa |
| Dev | : | Diwariya |
| Native | : | Chandiya |
| **Contact No.** | : | **Father - 9407982754**<br>**Mother - 8602124495** |
| Contact Adrs. | : | Gypsy-2, Ganpati Vihar Colony, Nr. Borsi Chowk, Potia Road, Durg (C.G.) 491001 |



**ચિ. આશુજ હિતેશ ચાવડા**

# JEPIN RATHOD





**Personal Details :-**

| | | |
|---|---|---|
| Date of Birth | : | 20-04-1998 |
| Time of Birth | : | 18:59 |
| Place of Birth | : | Anjar (Kutch) |
| Kuldevi | : | Shree Chamuda Maa (Nagalpar) |
| Gotra | : | Gautam |
| Height | : | 5'9" |
| Education | : | BE Mechanical Engineer |
| Occupation | : | Engineer at Welspun Corp. Ltd. Anjar (Kutch) |

**Family Details :-**

| | | |
|---|---|---|
| Grand Father | : | Lt. Pragji Kuvarji Rathod (Lathevada) |
| Grand Mother | : | Lt. Valiben Pragjibhai Rathod |
| Father | : | Shri Girish Pragjibhai Rathod |
| Occupation | : | Business |
| Mother | : | Lt. Kavitaben Girishbhai Rathod |
| Mosad | : | Lt. Shantaben Ranchhodbhai Chauhan (Nani, Reha)<br>Lt. Mahesh Ranchhodbhai Chauhan (Mama, Reha)<br>Bhartiben Maheshbhai Chauhan (Mami, Kukma) |
| Elder Sister | : | Aahana Darshan Parmar Vadodara |

**Contact Details :-**

| | | |
|---|---|---|
| Father | : | 9824202454, 9913421144 |
| Sister | : | 9974493582 |
| Address | : | Opp. KGK Samaj Bhavan, Near Gadhwadi, Anjar (Kutch) 370110. |

# Dr. Ishita Parmar





| | | |
|---|---|---|
| Date of Birth | : | 20/12/1996 |
| Time of Birth | : | 00:14 am |
| Place of Birth | : | Dhanbad (Jharkhand) |
| Height | : | 5'4" |
| Education | : | B.D.S. (Bachelor of Dental Surgery) |
| Qualification | : | PCPV (Professional Certificate in Pharmacovigilance)<br>PDCR (Professional Diploma in Clinical Research) |
| Schooling | : | Kendriya Vidyalaya, Bacheli |
| Graduation | : | New Horizon Dental College & Research Inst. Bilaspur |
| Work History | : | NMDC Apollo Central Hospital, Bacheli<br>Dr. Nathani Multispeciality Dental Clinic, Bilaspur<br>At present : Visiting on Call. |
| Gotra | : | Bharadwaj |
| Kuldevi | : | Shree Momai Mataji |
| Native Place | : | Kukma |
| Mother | : | Deepti Parmar - 6265647718, 9406079819 |
| Father | : | Paresh Vishrambhai Parmar - 6265495962 |
| Sibling | : | None |
| Grand Mother | : | Smt. Divyabalaben Vishrambhai Parmar - Durg |
| Grand Father | : | Lt. Vishrambhai Morarji Parmar<br>Gondia (MS) |
| Nana | : | Shree Nautamlal Popatlal Chauhan<br>Dhanbad (Jharkhand) |
| Address | : | C-111, Anand Vihar Phase-II,<br>Kundrapara, Durg (CG) |
| E-mail | : | Deeptich1971@gmail.com |

# Neha Chouhan



**Personal Details :-**

| | | |
|---|---|---|
| **Date of Birth** | : | 20-11-1998 |
| **Birth Time** | : | 09:55 am |
| **Place of Birth** | : | Hyderabad, MG. Road, Telangana |
| **Gotra** | : | Vatsa |
| **Kuldevi** | : | Shri Brahmani Maa |
| **Native Place** | : | Kukma (Bhuj-Kutch) |
| **Height** | : | 5'4" |
| **Blood Group** | : | B+ |
| Education | : | B.Com CMA and Pursuing MBA in HR |
| **Occupation** | : | Working as Financial Analyst in Wells Fargo Bank |

**Family Details :-**

| | | |
|---|---|---|
| **Father** | : | **Navin K. Chouhan** |
| **Occupation** | : | Business Alluco-Corporation |
| **Mother** | : | **Sharmila Chouhan (Housewife)** |
| **Ygr. Sister** | : | **Yashasvi Chouhan** |
| **Grand Father** | : | **Shantilal Manji Chouhan** |
| **Contact No.** | : | **9390333242** |
| **Masa** | : | **Lt. Atul Vishanji Rathod** |
| **Masi** | : | **Vandana Atul Rathod** |
| Address | : | Ajabnagar, A'bad, Maharashtra |
| **Contact** | : | **9422202282** |

# માં ના ખોળે બેસવાનો નહીં !! રમવા અને કુદવાની અનૂભુતિ એટલે કુળદેવી દર્શન કચ્છ પ્રવાસ

## ટીમ રાયપુર ઘટક
મહાસભા કચ્છ દર્શન સમિતિ



નાગપુર રેલ્વે સ્ટેશને મહાસભા પ્રમુખશ્રી યોગેશભાઈ ચાવડા દ્વારા સ્વાગત થતા ટીમ રાયપુર ઘટક દ્વારા કૃતજ્ઞતા પત્ર ભેંટ



ઘટક પ્રમુખશ્રી ભરત ચાવડા



ઘટક ઉપપ્રમુખશ્રી વિનોદ ટાંક



ઘટક સહમંત્રીશ્રી યુધીર વરૂ



ઘટક સંરક્ષક સભ્યશ્રી શ્રી વિનોદ પરમાર

કચ્છના ગાંધીધામ રેલ્વે સ્ટેશને ટીમ રાયપુર ઘટકનું આત્મીય સ્વાગત કરતા (1) શ્રી મનોજભાઇ વેગડ (2) શ્રી લાધુભાઇ રાઠોડ (3) શ્રી વિનોદભાઇ ખોડિયાર (4) શ્રી વિનોદભાઇ પઢીયાર



ધોરડા કચ્છનું રણમાં આનંદ કરતા ટીમ રાયપુર ઘટકના યાત્રિકો...



કચ્છની કુળદેવી માં આશાપુરાના મંદિરીયે ભાવવિભોર ટીમ રાયપુર ઘટક યાત્રિકો...



કચ્છના રણ ધોરડામાં સફર કરાવતી ઉંટ ગાડીયો...



માં અંબેધામ, માંડવી

ટીમ રાયપુર ઘટકનું
આયોજન

**શ્રી કુળદેવી દર્શન**
**કચ્છ યાત્રા**
**10-15 જાન્યુઆરી 2023**
સર્વે દાતાશ્રીઓને નમન... આભાર...



નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવજી મંદિરીયે સૂર્યાસ્ત સમયને નિહાળવાનો આનંદ...



ટીમ રાયપુર ઘટક દ્વારા સમાજ રત્નશ્રી વિનોદભાઇ સોલંકીજીને કૃતજ્ઞતા પત્ર ભેંટ





માંડવી બીચમાં આનંદ કરતા યાત્રિક



કચ્છ દર્શન યાત્રાયે ટીમ રાયપુરને સંગાથ ... શ્રી નવિનભાઇ યાદવ, શ્રી વિનોદભાઇ ખોડિયાર અને શ્રી વિનોદભાઇ ચૌહાણ



મુંદ્રા ઘટકે દાતાશ્રી ભોગીલાલભાઇ ચાવડા પરિવારના આતિથ્યે ટીમ રાયપુર ઘટકને આત્મિય અવકાર માટે ઉપસ્થિત કચ્છથી મહાસભાના આગેવાનશ્રીઓ

# Ketan Chauhan



| | | |
|---|---|---|
| D.O.B. | : | 07-01-1993 |
| Birth Place | : | Shahdol |
| Time of Birth | : | 11:05 |
| Height | : | 5'11" |
| Father | : | Mr. Nitinkumar Chauhan |
| Mother | : | Lt. Sangeeta Nitinbhai Chauhan |
| | | Mrs. Kavita Nitinbhai Chauhan |
| Grand Father | : | Lt. Bhanjibhai Bhimjibhai Chauhan |
| Mother | : | Lt. Tapuben Bhanjibhai Chauhan |
| Native Place | : | Devariya (Kutch) |
| Kuldevi | : | Shree Brahmani Maa (Sinogra) |
| Gotra | : | Vatsa |
| Education | : | B.E. Civil |
| Occupation | : | Business (Construction (Govt. & Private) & Infrastructure Consultancy) at Shahdol |
| Mosad | : | Lt. Shivlal Ladhubhai Taunk (Nana) (Chirmiri) |
| | | Lt. Revakuwar Shivlal Taunk (Nani) |
| Ygr. Sister | : | Dr. Mansi Chauhan (BNYS) |
| Address | : | Near Spring Dale's School, Gujarati Colony, Singhpur Road, Shahdol (MP) |
| Mobile No. | : | 9617227780, 9424646482, 8602229600 |



# Shreya Parmar

**D.O.B:** 26.08.1996
**Time/Place:** 5:27 Pm, Raipur
**Height:** 5’1”
**Kuldevi:** Khodiyar Maa
**Gotra:** Bharadwaj
**Kutch Origin:** Anjaar

**Qualification**
Bachelor of Architecture (Nagpur)
1 year of job experience as Architect
Currently pursuing Masters (Mumbai)

**Sisters**
Swati Manish Rathore (Pune)
Shruti Chirag Maru (Raipur)

**Papa:** Ramesh Bhai Parmar
**Mummy:** Veena Ben Parmar
**Mota Papa:** Dhiru Bhai Parmar (Raipur)
**Mota Mummy:** Radha Ben Parmar
**Bhaiya:** Manish Dhiru Bhai Parmar
**Bhabhi:** Disha Manish Parmar

**Nanihal**
Sharda Ben Late Liladhar Bhai Chawda
Kamal Liladhar Bhai Chawda
Nahar Para, Raipur.

**BUSINESS**
Bharat Krishi Kendra
Sakar Agriscience Pvt. Ltd.

**CONTACT**
**Add:** Harimagalam, Arya Nagar, Durg.
Jai Gopal Society, Fafadih, Raipur.

**Ph. :** 9827116902 (Papa) 9893492823 (Mota Papa)
9630309616 (Mummy) 9827113065 (Bhaiya)



## Hardik C. Tank

| | | |
|---|---|---|
| Date of Birth | : | 15 Feb. 1995 |
| Time of Birth | : | 9:45 am |
| Birth Place | : | Ukai (Surat) |
| Native Place | : | Sinogra |
| Gotra | : | Vats |
| Height | : | 6'2" |
| Education | : | B.E. (Electronics & Comm.) |
| Occupation | : | CAD/CAM Engineer@Naavinya Cad Soft Pvt. Ltd. (Bangalore) |
| **Father** | : | **Chandrakant Shantilal Tank** |
| **Mother** | : | **Neelam Chandrakant Tank** |
| **Ygr. Brother** | : | **Brijesh Chandrakant Tank** |
| **Grand Father** | : | **Shantilal Khimji Tank** |
| **Grand Mother** | : | **Savitri Shantilal Tank** |
| **Nana/Nani** | : | **Saraswati Jayantibhai Chauhan**<br>**Jayantibhai Chauhan** |
| **Mama** | : | **Deepak J. Chauhan**<br>**Sanjay J. Chauhan** |
| Address | : | 01, Gokul Bungalow's,<br>New Maninagar Road, CTM,<br>Ahmedabad (Gujarat) |
| **Contact No.** | : | **Father - 9428410925**<br>**Mother - 9427100903** |



## Hardik H. Rathod

| | | |
|---|---|---|
| **Father** | : | **Harish Keshavji Rathod**<br>(Retd. Deputy Executive Engg. from GWSSB) |
| **Mother** | : | **Deepika Harish Rathod (Housewife)** |
| Grand Parents | : | Lt. Keshavji Vishram Rathod<br>Lt. Premuben Keshavji Rathod |
| D.O.B. | : | 05/11/1993 |
| Birth Time | : | 10:50 pm |
| Birth Place | : | Bilaspur (CG) |
| Height | : | 5'8", Blood Group : O+ |
| Weight | : | 85 Kgs |
| Education | : | B.E. Civil, Adv. Construction Mgmt. (NICMAR) |
| Job | : | Planning Executive at SBPL (Currently posted at Ankleshwar, Gujarat) |
| Languages | : | Gujarati, Hindi, English |
| Native Place | : | Khedoi |
| Kuldevi | : | Shree Chamunda Maa |
| Gotra | : | Gautam |
| **Elder Sister** | : | **Meha Rathod** (M.Com., CA Inter 1st Group, Sr. Accountant at QX Global - UK based) |
| **Nana** | : | **Shri Dayaram Valamji Chauhan** |
| **Nani** | : | **Lt. Ranjana Dayaram Chauhan** |
| **Mama** | : | **Deepak Dayaram Chauhan,** Bilaspur<br>**Mo. 9329636990** |
| **Mota Papa** | : | **Shri Praveen Keshavji Rathod,** Raipur<br>**Mo. 9827936996** |
| **Mota Mummi** | : | **Smt. Lataben Praveen Rathod** |
| Address | : | Plot No. 9, Sahaj Bunglow, B/s. Rajyog Residency, Nr. Vraj Bhoomi, B/h. Yash Complex, Gotri, Vadodara - 390021 |
| **Ph. No.** | : | **9173791494 (Self)**<br>**9978442372 (Father)**<br>**9426815494 (Mother)** |
| E-mail | : | hardik.nicmar@gmail.com<br>harikumar1008@gmail.com |
| **Hobbies** | : | **Reading, Football** |



## Widhi Wadher

| | | |
|---|---|---|
| Date of Birth | : | 13th October 1995 |
| Birth Time | : | 02:47 PM |
| Birth Place | : | Raipur (C.G.) |
| Complexion | : | Fair |
| Height | : | 5'6" |
| Native Place | : | Sinogra (Kutch) |
| Kuldevi | : | Shree Momai Maa |
| Gotra | : | Aatri |
| Education | : | M.Sc. in Food Science,<br>Other Qualification in Food & Nutrition |
| Occupation | : | Web Developer, Zeliot (Bangalore) |
| **Father** | : | **Shri Suresh Bisanji Wadher** |
| **Mother** | : | **Smt. Nalini Wadher** |
| **Grand Father** | : | **Lt. Bisanji Jayram Wadher** |
| **Grand Mother** | : | **Lt. Jayaben Wadher** |
| **Elder Sister** | : | **Gunjan Rathor (Married)** |
| Address | : | P/o Bamra, Station Basti,<br>Dist. Sambalpur (Odisha) 768221 |
| **Nana** | : | **Lt. Rauji Bhawanji Rathor** |
| **Mama** | : | **Prakashbhai Rathor** |
| **Mama** | : | **Rameshbhai Rathor** |
| **Contact No.** | : | **Father - 9938458682**<br>**Mother - 9778482907** |



## Mayank S. Chawda

| | | |
|---|---|---|
| Date of Birth | : | 14th April, 1992 |
| Place of Birth | : | Vadodara, Gujarat |
| Time of Birth | : | 21.03 (Tuesday) |
| Height | : | 5'11" |
| Education | : | B.E. Electronics & Communication (EC)<br>Interior Designer |
| Occupation | : | Business (Owner of Fourteen Four Design Studio) |
| Native Place | : | Devalia |
| Kuldevi | : | Shri Brahmani Maa & Shri Sikotar Maa |
| Gotra | : | Kashyap |
| **Father** | : | **Sanjaybhai Amrutlal Chawda** |
| **Mother** | : | **Bhavnaben Sanjaybhai Chawda** |
| **Sister** | : | **Deepika Jayesh Chauhan (Married)**<br>Hyderabad |
| **Mosad** | : | **Prakash Jivram Rathod (Vadodara)**<br>**Mo. 9586699948**<br>**Lt. Harsad Jivram Rathod (Ahmedabad)** |
| Address | : | 3, Shivkrupa Society Jain Mandir Road,<br>Manjalpur, Vadodara (Gujarat) 390011 |
| **Contact No.** | : | **Bhavna Sanjaybhai Chawda**<br>**Mo. 8733923522**<br>**Sanjaybhai Chawda**<br>**Mo. 9624665586** |
| E-mail | : | deepikachawda0507@gmail.com |




## Karan Varu

| | | |
|---|---|---|
| Date of Birth | : | 10th March 1995 |
| Time of Birth | : | 11:15 pm |
| Birth Place | : | Rayagada (Odisha) |
| **Father** | **:** | **Shri Anil Jayantilal Varu** |
| **Mother** | **:** | **Smt. Bharati Anil Varu** |
| **Ygr. Sister** | **:** | **Grishma Piyush Taunk (**Married) Rajnandgaon |
| Kuldevi | : | Shri Chamunda Maa |
| Gotra | : | Valmik |
| Native Place | : | Jambudi (Bhuj-Kutch) |
| Height | : | 5'10" |
| Education | : | Chartered Accountant (CA), B.Com. (GoenkaCollege, Kolkata) |
| Current Prof. | : | Executive at Ernst & Young, Kolkata Off. |
| **Grand Father** | **:** | **Lt. Jayantilal Karman Varu** |
| **Grand Mother** | **:** | **Lt. Indumati Jayantilal Varu** |
| **Mosad** | **:** | **Lt. Girdharlal Raghavji Taunk (Nana)**<br>**Lt. Vasantgauri Girdharlal Taunk (Nani)**<br>**Shri Yogendra G. Taunk (Mama)**<br>**Shri Vijay G. Taunk (Mama)**<br>**Shri Sanjay G. Taunk (Mama)** |
| Address | : | 4/2, B-Block, Aapna Vihar, Uliyan, Kadma, Jamshedpur - 831005 |
| **Contact No.** | **:** | **9234785606, 6203425464** |



## Ar. Dhwani Parmar

| | | |
|---|---|---|
| **Father** | **:** | **Tapesh Damjibhai Parmar** |
| Occp. | : | Business (Pharma) |
| **Mother** | **:** | **Aruna Tapeshbhai Parmar** |
| **Grand Father** | **:** | **Lt. Damjibhai Lagdhirbhai Parmar** |
| **Grand Mother** | **:** | **Damyantiben Damjibhai Parmar** |
| D.O.B. | : | 08-05-1996 |
| Time of Birth | : | 07:55 am |
| Height | : | 5'0" |
| Weight | : | 50 Kgs. |
| Blood Group | : | B+ |
| Education | : | B.Arch (Hons) |
| Occupation | : | Freelancing Architectural & Interior Projects (The Space Script) |
| Laguages | : | Hindi, English, Gujarati |
| Native Place | : | Reha |
| Kuldevi | : | Shri Momai Maa (Kukma) |
| Gotra | : | Bharadwaj |
| **Siblings** | **:** | **Nitya Parmar (Ygr. Sister)** |
| **Mosad** | **:** | **Lt. Rasiklal Dharamsibhai Taunk** (Korba-C.G.)<br>**Ravindra Rasiklal Taunk (Mama)**<br>**Deepak Rasiklal Taunk (Mama)** |
| Address | : | 24/A, Narmada Nagar, Polipathar, Gwarighat Road, Jabalpur (MP) |
| **Contact** | **:** | **9826563639 (Father)**<br>**8770801384 (Mother)** |
| E-mail | : | dhwaniparmarjbp@gmail.com |



## Pooja D. Solanki

| | |
|---|---|
| Date of Birth | : 08 Nov. 1996 |
| Time of Birth | : 11:20 am |
| Place of Birth | : Naliya (Kutch) |
| Height | : 5'3" |
| Quaification | : B.Tech in Information Techno. from L.D. College of Engg. Ahmedabad |
| Occupation | : Sr. Software Engineer at Yash Technologies, Pune |
| Annual Income | : 17.3 LPA |
| Native Place | : Jambudi |
| Kuldevi | : Shree Chamunda Maa |
| Gotra | : Vishwamitra |
| **Father** | : **Dinesh Morarji Solanki** (Retd. Mech. Engg. at Govt. of Gujarat) |
| **Mother** | : **Jayshree Dinesh Solanki** (B.A.) |
| **Elder Brother** | : **Sagar Dinesh Solanki** (Software Engg. Manager at Siemens, Pune) |
| **Sister in Law** | : **Jigna Sagar Solanki** (M.Sc. in Information Technology) |
| **Mosad** | : **Pushpaben Hemrajbhai Maru** |
| **Contact** | : **9428611378** |
| Address | : Leisure Town, B/h. Amanora Fire Station, Hadapsar, Pune (MH) 411028 |



## Nomi R. Parmar

| | |
|---|---|
| D.O.B. | : 19-10-1993 |
| Time of Birth | : 12:30 pm |
| Place of Birth | : Dombivali (Mumbai) |
| Height | : 5'7" |
| Complexion | : Fair |
| Native Place | : Hajapar |
| Kuldevi | : Shri Pithad Maa |
| Gotra | : Bharadwaj |
| Education | : Aircraft Maintenance Engineer from Indian Aerospace&Engg. NaviMumbai |
| Current Job | : Operational Analyst in Corsearch Company (Mumbai) |
| **Father** | : **Shri Ramesh Narsinh Parmar** (Business) |
| **Mother** | : **Chhaya Ramesh Parmar** (Housewife) |
| **Elder Sister** | : **Monalisa Parmar** (Gr. Physician) Married (US) |
| Address | : 306, Mount Palace Yogi Hills, Mulund West, Mumbai - 400080 |
| **Contact No.** | : **Mother - 8356052090** **Father - 9987676044** |



## Himanshu Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 25/05/1985 |
| Place of Birth | : | Raipur [C,G] |
| Birth time | : | 03:19 AM |
| Height | : | 5'.9" |
| Qualification | : | B.com |
| Occupation | : | Goverment job, Cyber crime branch |
| **Grand Father** | : | **Late Amarshi Rathod** |
| **Grand Mothe** | : | **Late Ratanben Rathod** |
| **Father** | : | **Late Prabhulal Rathod** |
| **Mother** | : | **Smt Kanchan Rathod** |
| **Sister** | : | **Sheetal Rathod** |
| Gotra | : | Kashyap |
| Native Place | : | Devaliya |
| Kuldevi | : | Bootbhawani Maa |
| **Mosad** | : | **Mr. Shashi R.Rathod, Raipur, 09827400978** |
| Address | : | Himanshu Rathod<br>Qtr No 50 , Block 05<br>Ganj police colony<br>Near Ganj Crime Branch Office<br>Ganj police station<br>Raipur, [C,G] |
| **Contact No** | : | **07489433314 (Mother)** |



## Sheetal Rathod

| | | |
|---|---|---|
| Date of Birth | : | 30/06/1983 |
| Place of Birth | : | Raipur [C,G] |
| Birth time | : | 12:27 AM |
| Height | : | 5':5" |
| Qualification | : | B.com,B.PEd,M.PEd |
| Occupation | : | Home Maker |
| Marital status | : | Divorcee |
| **Grand Father** | : | **Late Amarshi Rathod** |
| **Grand Mother** | : | **Late Ratanben Rathod** |
| **Father** | : | **Late Prabhulal Rathod** |
| **Mother** | : | **Smt Kanchan Rathod** |
| **Brother** | : | **Himanshu Rathod** |
| Gotra | : | Kashyap |
| Native Place | : | Devaliya |
| Kuldevi | : | Bootbhawani Maa |
| **Mosad** | : | **Mr. Shashi R.Rathod, Raipur 09827400978** |
| Address | : | Himanshu Rathod<br>Qtr no 50 , Block 05<br>Ganj police colony<br>Near Ganj Crime Branch office, Ganj police station,<br>Raipur [CG] |
| **Contact No** | : | **07489433314 (Mother)** |

C/o. શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ (મહામંત્રી)
'મુક્તાંગન', પ્લોટ નં. ૧૪૬ થી ૧૪૮/બી,
યોગેશ્વરધામ, ન્યુ એમ.ઈ.એસ. રોડ,
આર.ટી.ઓ. રીલોકેશન પાસે, ભુજ (કચ્છ)



શ્રીમતી અમિતાબેન વિજયભાઈ સોલંકી
પ્રમુખ : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9825929591



શ્રીમતી રીટાબેન વિનોદભાઈ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9426454999



શ્રીમતી ગીતાબેન નટવરલાલ ચૌહાણ
મહામંત્રી : અ.ભા.મહિલા મહામંડળ
Mo. 9960471411

## અ.ભા.મ. મહામંડળ પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીનો

# વિદર્ભ પ્રાદેશિક અંતર્ગત આવતા મહિલા મંડળોના પ્રવાસનો અહેવાલ



મહાસભાના ગોંદિયા અધિવેશનના સફળ સમાપન બાદ અખિલ ભારતીય મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી સાથે વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રીમતી પુષ્પાબેન જીવરામભાઇ ટાંક, સલાહકાર તથા આધ્યાત્મિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી વંદનાબેન રસીકભાઇ ટાંક, કોષાધ્યક્ષ શ્રીમતી મીનાબેન રાજેન્દ્રભાઇ વેગડ તેમજ વિદર્ભ મહિલા પ્રાદેશિક પ્રમુખ શ્રીમતી નંદિનીબેન ચૌહાણ વિદર્ભ પ્રાદેશિક અંતર્ગત આવતા તુમસર મહિલા મંડળ, ચંદ્રપુર-બલ્લારશાહ મહિલા મંડળ તથા વર્ધા મહિલા મંડળની તા. ૨ તથા ૩ જાન્યુઆર-૨૩ના રોજ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

તુમસર મહિલા મંડળ દ્વારા અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તથા સાથે રહેલા પદાધિકારીઓનું અતિથિ સન્માન કરવામાં આવેલ હતું. ત્યાર બાદ બહેનો સાથે સારી એવી સામાજીક વિષયો પરની ચર્ચાઓ કરવામાં આવેલ હતી. બેઠકમાં મહિલા મંડળના મંત્રી શ્રીમતી મમતાબેન ઉમંગભાઇ વરૂ તથા ઘટક પ્રમુખ રી ગોવર્ધનભાઇ ટાંક ઉપસ્થિત રહ્યા હતા. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નંદિનીબેન કમલેશભાઇ ચૌહાણે સામાજીક પ્રવૃત્તિઓની જાણકારી આપી હતી.

તુમસર મહિલા મંડળની શુભેચ્છા મુલાકાત બાદ ચંદ્રપુર-બલ્લારશાહ મહિલા મંડળની મુલાકાતે પધારેલા પ્રમુખશ્રી અને તેમની ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રીમતી ચિતવનબેન ચૌહાણની હોટલમાં મીટીંગ તથા રાત્રી રોકાણની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ મીટીંગમાં સારી એવી સંખ્યામાં બહેનો હાજર રહ્યા હતા. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી સંજાલીબેન ચૌહાણ તથા મંત્રી શ્રીમતી સ્મિતાબેન તૃષાલ ચાવડાએ સ્વાગત કરી મહિલા મંડળની વિવિધ પ્રવૃત્તિઓની જાણકારી આપેલ હતી. અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારીઓએ પોતાના ઉપયોગી અને માર્ગદર્શક ઉદ્‌બોધન આપેલ હતા. શ્રીમતી અમિતાબેને અ.ભા.મહિલા મહામંડળની ઉત્સાજનક પ્રવૃત્તિઓની જાણકારી આપી સૌને




માર્ગદર્શિત કરેલ હતા. ત્યાર બાદ સૌએ રાત્રી ભોજન ગ્રહણ કરેલ હતું. બીજા દિવસે સવારે શ્રીમતી સંજાલીબેન ચૌહાણના નિવાસ સ્થાને નાસ્તો કરી ત્યાંના સુપ્રસિદ્ધ કાલીમાં મંદિરના દર્શન કરેલ હતા. આ મીટીંગમાં ઘટક પ્રમુખ શ્રી દિલીપભાઇ ચૌહાણ સંજોગવસાત હાજર રહી શકેલ નહીં પણ ઘટક મંત્રી શ્રી ભાવેશભાઇ ઉપસ્થિત રહ્યા હતા.

ચંદ્રપુર મહિલા મંડળની શુભેચ્છા મુલાકાત બાદ અ.ભા.મહિલા મહામમંડળની ટીમએ વર્ધા મહિલા મંડળની મુલાકાત માટે પ્રયાણ કરેલ હતું. વર્ધા મુકામે શ્રી પ્રેમભાઇ જેઠવાના નિવાસ સ્થાને મીટીંગનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી મીનાબેન જેઠવા, મંત્રી શ્રીમતી નેતલબેન ચૌહાણ અને હોદ્દેદારોએ મહેમાનોનું આત્મિય સન્માન કર્યા બાદ મુક્ત મને સમાજ ઉપયોગી તથા બહેનોને માર્ગદર્શન મળે તેવી ચર્ચાઓ સાથે વિચારોનું આદાન-પ્રદાન થયેલ. નાની બાળાઓએ સુંદર સ્વાગત નૃત્ય રજુ કરેલ



હતું. રોજગારલક્ષી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી બહેનોની સામાજીક જાગૃતતાની મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી અને સાથે જોડાયેલા બહેનોએ પ્રશંસા કરી હતી. મંત્રી શ્રીમતી નેતલબેન ચૌહાણે સુંદર સંચાલન કરેલ. ઘટક પ્રમુખ શ્રી હરીશભાઇ પરમાર તથા મંત્રી શ્રી પ્રેમભાઇ જેઠવા ઉપસ્થિત રહ્યા હતા.

આમ, આ ત્રણ મહિલા મંડળોની સફળ અને સુખદ શુભેચ્છા મુલાકાત બાદ સૌએ પરત બાલાઘાટ જવા માટે પ્રયાણ કરેલ હતું. આ સામાજીક પ્રવાસના આયોજન માટે વિદર્ભ પ્રાદેશિક પ્રમુખશ્રી અને બાલાઘાટ ઘટક પ્રમુખશ્રી જીતેન્દ્રભાઇ રણજીતભાઇ પરમાર તથા શ્રીમતી ગીતાબેન જીતેન્દ્રભાઇ પરમાર તરફથી ડ્રાઇવર સાથે વાહનની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી. બાલાઘાટ મુકામે મહાસભાના પૂર્વ પ્રમુખ આદ. શ્રી રણજીતબાપા અને શ્રીમતી રંજનબેન પરમારના શુભેચ્છા આશીર્વાદ મેળવેલ હતા. તેમના નિવાસ સ્થાને રોકાણ કરી ખુબજ આનંદ અનુભવ્યો હતો.

# અખિલ ભારતીય મહિલા મહામંડળ દ્વારા યોજાઇ અનોખી વાનગી સ્પર્ધા

આપણા દેશના વડાપ્રધાન માનનિય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ વર્ષને 'મિલેટ' વર્ષ જાહેર કરેલ છે તેના અનુસંધાને આપણા સમાજના પરિવારોમાં સ્વાસ્થ્ય વર્ધક આહારનો વધારો થાય અને રસોડાની રાણી એવા બહેનોની રાંધણ કલાને પ્રોત્સાહન મળે તે હેતુથી અ. ભા. મહિલા મહામંડળ દ્વારા ''અનોખી વાનગી સ્પર્ધા''નું આયોજન કરવામાં આવેલ હતું. બહેનો તરફથી ખુબજ સારો પ્રતિસાદ મળેલ તેવી આ રસપ્રદ સ્પર્ધાના પ્રાયોજક દાતાશ્રી તરીકે અ.ભા.મહિલા મહામંડળના પૂર્વ પ્રમુખ દિવંગત સ્વ. હર્ષાબેન તથા સ્વ. નરેન્દ્રભાઇ ચૌહાણની સ્મૃતિમાં તેમના ચૌહાણ પરિવારએ પોતાનો સાર્થક સહયોગ આપેલ હતો.



સ્પોન્સર
હર્ષાબેન નરેન્દ્રભાઈ ચૌહાણ

નિર્ણાયકશ્રીઓએ બનાવેલ નિયમાવલી અનુસાર તા. ૨૦ જાન્યુઆરીના રોજ આયોજીત આ ઓનલાઇન સ્પર્ધામાં મિલેટમાં આવતો ધાન્ય સમુહ કાંગ, કોદરો, સામો, ગજરો, કુરી, રાગી, બાજરો અને જુવારમાંથી મુખ્ય વાનગી તૈયાર કરીને મોકલવાની હતી. સ્પર્ધાના પ્રારંભે અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકીએ આ આયોજનનું મહત્વ સમજાવતાં હાલના સમયે શરીરની તંદુરસ્તી વધારે તેવા ખોરાકની જરૂર હોઇ, તેના સચોટ અને ઉપયોગી માર્ગદર્શનની વિસ્તૃત જાણકારી આપી હતી. ધીરે ધીરે રસોડામાંથી અદશ્ય થતા આ સ્વાસ્થ્ય વર્ધક ધાન બાબતે જાગૃતિ લાવવી જરૂરી છે તેમ જણાવ્યું હતું. સ્પર્ધામાં ભારતભરના વિવિધ મહિલા મંડળોથી બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લઇ સ્પર્ધાના આ નવતર પ્રયોગને સફળ બનાવ્યો હતો. સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓ એવા ખ્યાતનામ શેફ હિના ગૌતમ અને તેમની સાથે જયશ્રીબેન



નિર્ણાયકશ્રી
હિનાબેન ગૌતમ



નિર્ણાયકશ્રી
જયશ્રીબેન ચૌહાણ

ચૌહાણે પોતાની સેવાઓ આપેલ હતી. બન્ને નિર્ણાયકશ્રીઓના જણાવ્યા અનુસાર બહેનોએ એટલી પૌષ્ટિક અને સ્વાદિષ્ટ ડીશ તૈયાર કરેલ હતી કે નિર્ણય કરવામાં પણ મુંઝવણ થયેલ હતી. ખુબજ બારીકાઇથી પરિક્ષણ કર્યા બાદ ૧૧ બહેનોને મુખ્ય વિજેતા તથા ૧૦ બહેનોને આશ્વાસન વિજેતા જાહેર કરવામાં આવેલ હતા. પ્રાયોજક દાતાશ્રી તરફથી તેમને પુરસ્કાર આપવામાં આવેલ હતા. અ.ભા.મહિલા મહામંડળના મહામંત્રીઓ શ્રીમતી રીટાબેન ચૌહાણ તથા શ્રીમતી ગીતાબેન ચૌહાણે મહિલા મંડળના સુત્ર અનુસાર આયોજીત આ સ્પર્ધાના તમામ સ્પર્ધક બહેનો, પ્રાયોજક દાતાશ્રી તરીકે સેવા આપનાર સ્વ. હર્ષાબેન નરેન્દ્રભાઇ ચૌહાણ પરિવાર તથા નિર્ણાયકગણનો આભાર માનેલ હતો. સ્પર્ધામાં નીચે મુજબના બહેનો વિજેતા જાહેર થયેલ હતા. તમામ બહેનોને અ.ભા. મહિલા મહામંડળ તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવે છે.

વિજેતા બહેનો :- (૧) રીનાબેન વી. યાદવ - કલ્યાણ (૨) રૂચિતા આર. ચૌહાણ - ઓસ્ટ્રેલીયા (૩) પ્રિતી ડી. ચૌહાણ - અમદાવાદ (૪) ખુશી સોલંકી - ગોંદિયા (૫) ઉર્મિલા પરમાર - નિઝામાબાદ (૬) કિરણ એમ. ચૌહાણ - યુ.કે. (૭) કાર્તિકા વી. પરમાર - નિઝામાબાદ (૮) રીટા એન. રાઠોડ - બલ્લારશાહ (૯) જ્યોતી ચાવડા - મુંબઇ (૧૦) સંગીતા રાઠોડ - કલ્યાણ (૧૧) હિરલ વાઢેર - અમદાવાદ

આશ્વાસન ઇનામ પ્રાપ્ત બહેનો : (૧) અનિતા વાઢેર - રાયપુર (૨) રંજના એલ. ચાવડા - ગોંદીયા (૩) રિદ્ધી રાઠોડ - મુંબઇ (૪) રોહીણી કે. ચૌહાણ - ધનબાદ (૫) ડૉ. અવિશા એન. પરમાર - ભુજ (૬) ખ્યાતી ડી. ચૌહાણ - કુકમા (૭) ખુશ્બુ પી. વરૂ - કુકમા (૮) લાવીના આર. ચૌહાણ - અમદાવાદ (૯) પુજા ડી. રાઠોડ - અમદાવાદ (૧૦) માયા ચાવડા - મુંબઇ.

શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રી
શ્રીમતી ગીતાબેન નટવરભાઇ ચૌહાણ - મહામંત્રી

# અ.ભા.મહિલા મહામંડળના પદાધિકારીઓનું જબલપુર મહિલા મંડળ દ્વારા સન્માન



અખિલ ભારતીય મહિલા મહામંડળના પદાધિકારીઓ શ્રીમતી રીટાબેન વિનોદભાઇ ચૌહાણ - મહામંત્રીશ્રી, શ્રીમતી વંદનાબેન વિનોદભાઇ ખોડિયાર - ઝોનલ પ્રમુખશ્રી તથા શ્રીમતી દુર્ગાબેન પ્રકાશભાઇ ચૌહાણ - કા.વા. સભ્યશ્રી જબલપુર મુકામે પારિવારિક લગ્ન પ્રસંગે પધારેલ. આ પ્રસંગે જબલપુર મહિલા મંડળની શુભેચ્છા મુલાકાત કરેલ હતી. મહાકૌશલ પ્રાદેશિક મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી જ્યોતિબેન મુકેશભાઇ ચાવડા, જબલપુર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ચંચળબેન યાદવ, મંત્રી શ્રીમતી સોનલબેન પરમાર પૂર્વ મંત્રી શ્રીમતી રૂપલબેન તથા બહેનોએ પુષ્પગુચ્છ તથા શાલ અર્પણ કરી ત્રણેય પદાધિકારીશ્રીઓનું સન્માન કરેલ હતું. મહામંત્રી શ્રીમતી રીટાબેન ચૌહાણે અ.ભા.મહિલા મહામંડળના કાર્યોનો પરિચય આપી સ્વાગત બદલ આભાર માનેલ હતો. જબલપુર મહિલા મંડળ દ્વારા અવાર-નવાર સાથે રહીને થતી સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓથી વાકેફ થઇને અભિનંદન આપેલ હતા. ઝોનલ પ્રમુખ શ્રીમતી જયશ્રીબેન ચાવડાએ મહાકૌશલ પ્રાદેશિક અંતર્ગત આવતા મહિલા મંડળો અને તેની સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓની પદાધિકારીઓને જાણકારી આપેલ હતી. સારી એવી રીતે સામાજીક પ્રવૃત્તિઓના વિચારોનું આદાન-પ્રદાન થયેલ હતું.

## દુર્ગ મહિલા મંડળ



દુર્ગ મહિલા મંડળ દ્વારા તા. ૧૫-૧-૨૦૨૩ના મકર સંક્રાતિના દિવસે યુવા મંડળના સહયોગથી આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વાદિષ્ટ વ્યંજનોના સ્ટોલ, હોમમેડ ફરસાણ, ખીચી-પાપડ, ચીપ્સ, વડી, ગેમ્સ વગેરેના ૧૫ જેટલા સ્ટોલ બહેનો દ્વારા રાખવામાં આવ્યા હતા. મેળાની શરૂઆત ઉપસ્થિત બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ લક્કી ડ્રો, હાઉજી ગેમ, પ્રશ્નોતરી વગેરે ગેમ્સ રમાડવામાં આવ્યા હતા. ગેમ્સમાં વિજેતાઓને ઇનામ તથા નાના બાળકોને પુરસ્કાર આપી પ્રોત્સાહીત કર્યા હતા.

તા. ૨૨-૧-૨૩ના મહિલા મંડળ દ્વારા પિકનિકનું આયોજન કર્યું હતું. પિકનિક સ્પોટ બિલાસપુર રોડ પર સિમગા પાસે મદકુ દ્વીપ દુર્ગથી ૧૨૦ કીમી હતું. દુર્ગથી બસ દ્વારા સવારે ૭.૩૦ વાગે નીકળી રસ્તામાં સોમનાથ પર્યટન સ્થળ જ્યાં બે નદીઓનો સંગમ છે ત્યાં દર્શન કરી બપોરે ૧૨ વાગે મદકુ દ્વીપ પહોંચ્યા હતા. ત્યાં ગણેશ મંદિર, શંકર મંદિર, હનુમાનજી, માતાજીના મંદિરોમાં દર્શન કર્યા. બપોરે ત્યાં ભોજન બનાવી વન ભોજનનો આનંદ પણ લીધો હતો. ત્યાં પુરાતત્વીય વિભાગ દ્વારા જુના મંદિરોની મૂર્તિઓના અવશેષોનું સંગ્રહ કરેલ છે. મદકુ દ્વીપમાં ત્રણ નદીઓનો સંગમ છે. ત્યાં નદીમાં નાવમાં બેસી નદીની શેર કરી. જમ્યા બાદ હાઉજી ગેમ તથા બીજા વિવિધ ગેમ્સ રમાડી વિજેતાઓને ઇનામ આપવામાં આવ્યા હતા. સૌએ પિકનીકનો ખૂબજ આનંદ માણ્યો હતો. આવા કાર્યક્રમોનો ઉદ્દેશ બાળકો, યુવાઓ તથા સમાજબાંધવોમાં સમાજ પ્રત્યે લાગણી તથા સમાજ સંગઠનને મજબુત કરવાનો હોય છે.

## આદીપુર મહિલા મંડળ



તા. ૧૨-૧-૨૦૨૩, ગુરૂવારના રોજ આદિપુર મહિલા મંડળ દ્વારા પ્રમુખ શ્રીમતી અનિતાબેન ટાંકના ઘરે મહિલા મંડળની મીટીંગ તેમજ કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ હતું. પાર્ટીની શરૂઆત અર્જુન ગીતા ગાઇને કરેલ. ત્યાર બાદ આંબળાના ફાયદા તેમજ આંબળાનો વધુમાં વધુ ઉપયોગ કરવા બહેનોને જણાવવામાં આવ્યું હતું. તે ઉપરાંત ઘરે બનાવેલ ચ્યવનપ્રાશ ટેસ્ટ કરાવ્યું અને ચ્યવનપ્રાશ ઘરે કેવી રીતે બનાવી શકાયએ સમજાવવામાં આવ્યું હતું. ત્યાર બાદ હાઉઝી ગેમ તેમજ એક મીનીટ ગેમ રાખેલ. જેમાં અનુક્રમે નિશાબેન એ. ચાવડા, અનુરાધાબેન એસ. ટાંક અને કલ્પનાબેન વી. વાઘેલા વિજેતા થયા હતા. તેમને ઇનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ ગરમા-ગરમ નાસ્તાની મોજ માણી ગ્રુપ ફોટો પડાવી સૌ આનંદભેર છુટા પડ્યા હતા. તા. ૧૪-૧-૨૩,

શનિવારે ઉત્તરાયણ નિમિત્તે આદીપુર ઘટકના સભ્ય શ્રીમતી પલ્લવીબેન એમ. પરમારે તેમના ઘરે ઉંધીયું બનાવી અગાઉથી નોંધાયેલ સભ્યોન ઉંધીયું વિતરીત કર્યું હતું. અંદાજે ૭૦ કિલો ઉંધીયાનું વિતરણ કરવામાં આવેલ.

## મુંબઇ મહિલા મંડળ



મુંબઇ મહિલા મંડળ દ્વારા સામાન્ય મીટીંગ તા. ૧૪જાન્યુઆરી ૨૦૨૩ના રોજ કાંદીવલી સ્થિત શ્રીમતી લક્ષ્મીબેન મનહરભાઇ ચૌહાણના નિવાસ સ્થાને રાખવામાં આવેલ હતી. મીટીંગની શરૂઆત પ્રભુ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યાર બાદ દેવલોક પામેલાઓને શ્રદ્ધાંજલિ આપવા બે મીનીટનું મૌન રાખવામાં આવેલ અને શ્રીમદ્ ભાગવત ગીતા ૧૫મા અધ્યાયનું પારાયણ કરવામાં આવેલ હતું. વર્ષ ૨૦૨૩-૨૦૨૫ સુધીના મુંબઇ મહિલા મંડળના પ્રમુખ પદ પર આદ. કુસુમબેન હેમરાજભાઇ પરમારને સન્માનિત કરવામાં આવ્યા હતા. આદ. નિર્મળાબેન વિનોદભાઇ કોન્ટ્રાકટરને લાઇફ ટાઇમ એચીવમેન્ટ એવોર્ડ મળવા બદલ તેમનું મહિલા મંડળ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. સંક્રાતનો દિવસ હોવાથી મહારાષ્ટ્રીયન પરંપરા મુજબ હલ્દી કુમકુમનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. આદ. લક્ષ્મીબેનએ સૌને હલ્દી કુમકુમ લગાવી, વાણસ્વરૂપમાં સુંદર ભેટ આપી બધી બહેનોનું સન્માન કર્યું હતું.

મુંબઇ મહિલા મંડળ દ્વારા અ ડેટ વિથ ડેટ્સ અંતર્ગત ખજૂરની વાનગી બનાવવાની હરીફાઇ યોજવામાં આવી હતી. તેમાં ગ્રુપ 'એ' (૫૦ વર્ષથી ઉપર)માં પ્રથમ આદ. કુસુમબેન પરમાર, દ્વિતીય શ્રીમતી ગીતાબેન વેગડ, ગ્રુપ-બી (૫૦ વર્ષથી નીચે)માં પ્રથમ શ્રીમતી ખ્યાતીબેન વેગડ, દ્વિતીય શ્રીમતી નેહાબેન ટાંકને આપવામાં આવ્યું હતું. બાકીના બધા સ્પર્ધકોને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા હતા. જજની ભૂમિકા શ્રીમતી અમીષાબેન ટાંક અને હરિબેન ચૌહાણે નિભાવી હતી. ગત સત્ર પ્રમુખ આદ. ભાગીરથીબેન ટાંકએ પોતાના પ્રમુખ તરીકેના કાર્યકાળની માહિતિ આપી. ત્યાર બાદ ગત સત્ર ખજાનચી શ્રીમતી દર્શનાબેન કોન્ટ્રાકટરે બધા સમક્ષ ત્રણ વર્ષનો હિસાબ વાંચી સંભળાવ્યો હતો. ત્યાર બાદ આદ. લક્ષ્મીબેન ચૌહાણે સૌને ખુબ પ્રેમપૂર્વક અને આગ્રહભરી સ્વાદિષ્ટ વ્યંજનનો આસ્વાદ કરાવ્યો. અંતમાં આદ. લક્ષ્મીબેન મનહરભાઇ ચૌહાણ અને તેમના કુટુંબનો આભાર માન્યો અને બધા છુટા પડ્યા હતા.

## કલ્યાણ મહિલા મંડળ




કલ્યાણ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી હર્ષિદાબેન હિનેશભાઇ રાઠોડની અધ્યક્ષતામાં કરેલ પ્રવૃત્તિઓમાં ગત વર્ષ તા. ૧૬-૧-૨૨ના હલ્દીકુંકુના પ્રોગ્રામનું આયોજન કરેલ. જેમાં સારી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તા. ૮-૩-૨૨ મહિલા દિવસ ઉજવવામાં આવેલ. જેમાં કોરોના સમય દરમ્યાન થયેલ ઓનલાઇન સ્પર્ધાના ઇનામોનું વિતરણ કરેલ હતું. વિવિધ હરીફાઇ અને હાઉઝી રમી હતી. અલ્પાહાર શ્રીમતી રંજનબેન પ્રાગજીભાઇ રાઠોડ તરફથી આપવામાં આવેલ હતા. એપ્રીલ મહિનામાં ચૈત્રી નવરાત્રી નિમિત્તે શ્રીમતી સરોજબેન મગનભાઇ જેઠવાના માર્ગદર્શનમાં મહિલા મંડળના ૯ બહેનોના ઘરે ગાયત્રી ચાલિસાના ૧૦૮ પાઠ રાખવામાં આવેલ તેમજ નોમના દિવસે ગાયત્રી ચાલિસા પૂજા હવન કરેલ હતો. નવરાત્રીમાં સૌ મહિલાઓ બાંધણી પહેરી આઠમના દિવસે મહાઆરતીનું આયોજન કરેલ. આરતીની થાળી સજાવી આરતી કરેલ. આરતીની થાળી સજાવટ માટે સરપ્રાઇઝ ઇનામ આપેલ તેમજ શરૂઆતથી અંત સુધી ગરબા રમવામાં સીનીયર સીટીઝન બહેનોને પણ ઇનામ આપેલ હતા. દિવાળીમાં ઘર આંગણે

સજાવેલ રંગોળીનું ઓનલાઇન સ્પર્ધા રાખેલ હતી. તેમાં પ્રથમ શ્રીમતી ઋત્વીબેન જતીનભાઇ રાઠોડ અને દ્વિતીય શ્રીમતી એક્તાબેન અનુજભાઇ રાઠોડ વિજેતા થયેલ હતા.

દિવાળી બાદ મહિલા મંડળ દ્વારા પ્રથમ વખત કલ્યાણ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી હર્ષિદાબેને હિનેશભાઇ રાઠોડ તથા કમીટી મેમ્બર દ્વારા તુલસી વિવાહનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સર્વે બેહનોએ આનંદ-ઉલ્લાસથી ભાગ લીધો હતો. તુલસી વિવાહનો પૂરો પ્રોગ્રામ મંત્રી શ્રીમતી રીટાબેન જયેન્દ્રભાઇ રાઠોડ તેમજ જાન પ્રસ્થાન શ્રીમતી પૂજાબેન સુરેશભાઇ રાઠોડના ઘરેથી થયેલ હતી. સર્વે બહેનો આરતી-પ્રસાદ લઇ છુટા પડ્યા હતા. દિવાળી બાદ કલ્યાણ ઘટકમાં ૬-૧-૨૨ના કાર્યક્રમમાં મહિલા મંડળ દ્વારા વાનગી (મિષ્ઠાન ફરસાણ) હરીફાઇ કરાવી હતી તેમજ બાળકો માટે ચિત્રકામ (ડ્રોઇંગ) હરીફાઇ રાખવામાં આવી હતી. મીષ્ઠાનમાં પ્રથમ - શ્રીમતી સોનલબેન ભાવેશભાઇ ચૌહાણ, દ્વિતીય - શ્રીમતી લીલાબેન કિશનભાઇ રાઠોડ, તૃતિય - શ્રમતી જ્યોત્સનાબેન કૃષ્ણકાંત યાદવ, ફરાળી ફરસાણમાં પ્રથમ - શ્રીમતી દષ્ટીબેન નયનભાઇ રાઠોડ, દ્વિતીય શ્રીમતી વિભૂતીબેન હેમલભાઇ ચૌહાણ, તૃતિય - શ્રીમતી રૂચિતાબેન નિમેષભાઇ યાદવ. બાળકોની ડ્રોઇંગની સ્પર્ધાના વિજેતામાં પલક ચૌહાણ, ક્રિતી



રાઠોડ, દિપ રાઠોડ, દેવેશ ચૌહાણ, દર્શ પરમાર, ક્રિયા રાઠોડ, કેયા વાઢેર થયા હતા. કારતક મહિનામાં તા. ૨૧-૧૧-૨૨માં વનભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. મુબ્રેશ્વર મહાદેવ મુબ્રા ગામનાં પર્યટન માટે ગયા હતા. ત્યાં અભિષયેક શિવ મંદિરમાં કરેલ હતો. વનભોજન કરી હાઉઝી ગેમ રમ્યા હતા. શ્રીમતી હર્ષિદાબેન દ્વારા માઇન્ડ ગેમ રમાડી હતી તેમજ શ્રીમતી મીતાબેન દ્વારા જનરલ પ્રશ્નોતરીની ગેમ રમાડવામાં આવી તથા સૌને ઇનામ આપવામાં આવ્યા હતા. જાન્યુઆરી થી ડીસેમ્બર દર મહિને પહેલા અઠવાડીયામાં મહિલા મંડળની મીટીંગ અલગ અલગ બહેનોના ઘરે રાખવામાં આવતી હોય છે. તેમાં વિવિધ ગેમ રાખી અલ્પાહાર કરી સામાજીક પ્રશ્નો પર ચર્ચા-વિચારણા કરવામાં આવે છે.

## અંજાર મહિલા મંડળ



શ્રી ક.ગુ.ક્ષ. સમાજ અ.ભા.મહિલા મહામંડળ દ્વારા પ્રેરિત તથા કચ્છ પ્રાદેશિક અંતર્ગત અંજાર મહિલા મંડળ દ્વારા આયોજીત તથા અંજાર ઘટક, યુવા મંડળ, સહકારીત જીવન સૌરભ સંસ્કાર શિબિરનું આયોજન તા. ૨૯,૩૦,૩૧ અને૧ નવેમ્બરના કરવામાં આવેલ હતું. અંજાર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ચાવડા અને કચ્છ પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી ઇલાબેન ચાવડા દ્વારા અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન સોલંકી તેમજ ચેરપર્સન, ઉપપ્રમુખ, મહામંત્રી તથા અન્ય હોદ્દેદારોનું ભાવભર્યું સ્વાગત કરેલ હતું. અ.ભા.મહિલા મહામંડળના હોદ્દેદારો તથા અન્ય મહાનુભાવો દ્વારા અલગ અલગ અલગ વિષયો પર ચર્ચા અને મંતવ્યો રજુ કરેલ હતા. લગભગ ૨૫૦ જેટલી શિબિરાર્થી બહેનોએ ભાગ લઇ શિબિરને સફળ બનાવી હતી. રાત્રે ગરબા કોમ્પીટીશન અને બહેનોના અનુભવ કથન લીધેલ હતા. મહિલા મંડળની બહેનોએ આયોજનને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી હતી. શિયાળાની ઋતુમાં તા. ૧૨-૧૨-૨૦૨૨ના ડ્રાયફ્રુટ્સથી ભરપૂર અને રાહત દરે ૫૦૦ કિલો અડદીયા મહિલા મંડળની બહેનોના સાથ-સહકારથી બનાવેલ હતા. આ કાર્યમાં કાર્યકર્તાઓએ સફળતા અપાવેલ હતી.



તા. ૧૭-૧૨-૨૦૨૨ દરમ્યાન અંજાર સમાજવાડીમાં શ્રી શાંતિલાલભાઇ અને કંચનબેન જેઠવા યજમાન પરિવાર દ્વારા શિવ મહાપુરાણ કથાનું આયોજન કરેલ હતું. જેમાં શિવ-પાર્વતી વિવાહ, સતી પ્રાગટ્ય, શિવ-તાંડવ જેવા રોચક પ્રસંગો કરેલ હતા અને સાત દિવસ સુધી શિવ મહાપુરાણ કથાનું રસપાન શ્રી અશ્વિનભાઇ પંડ્યા દ્વારા કરાયેલ હતું. જેમાં સખી મંડળ અને મહિલા મંડળનો પૂરેપૂરો સાથ-સહકાર મળેલ હતો અને રીટર્ન ગીફ્ટ પણ આ દાતાશ્રી તરફથી આપવામાં આવેલ.

તા. ૪ અને ૫ ફેબ્રુઆરીના બે દિવસ બનાસકાંઠા જિલ્લામાં આવેલ નડાબેટ અને રીટર્ન આવતા એકલધામ, વ્રજવાણી, રવેચી માતા વગેરે સ્થળોએ પ્રવાસ યોજેલ હતો. જેમાં ૫૫ ભાઇ-બહેનોએ ભાગ લીધો હતો. રાત્રી રોકાણ નડાબેટમાં કરેલ હતું અને બે-ત્રણ ટાઇમ ચા-નાસ્તો અને જમવાનું મહિલા મંડળ તરફથી આપવામાં આવેલ હતું. જેમાં બધાને ખૂબજ આનંદ આવેલ હતો.

પ્રવાસમાં પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન પી. ચાવડા, ચેરપર્સન સવિતાબેન જે. ચૌહાણ, પ્રવાસ મંત્રી ગૌરીબેન જેઠવા, જયશ્રીબેન જેઠવા, ભાનુબેન સોલંકી, સહમંત્રી કુંદનબેન જેઠવા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

તા. ૧-૨-૨૩ના મહિલા મંડળની જનરલ સામાન્ય સભા રાખવામાં આવીહતી. જેમાં લક્કી ડ્રો, ભજન, પ્રસાદ, સામાજીક ચર્ચા કરેલ હતી. જેમાં એક મનોરંજક ગેમ રમાડવામાં આવી હતી. જેના ઇનામો મહિલા મંડળ તરફથી આપવામાં આવશે. જેમાં યુવાન અને પ્રૌઢ બહેનોની જોડી બનાવીને રમત રમાઇ હતી. જેથી બહેનોને ખુબજ આનંદ આવેલ હતો. તા. ૨૬-૨-૨૩ના પ્રજાસત્તાક દિન, વસંતપંચમીના અંજાર ઘટક દ્વારા આયોજીત ૫૦મા સમુહ લગ્નમાં ૯ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. જેમાં મહિલા મંડળના હોદ્દેદારો તથા કારોબારી સભ્ય બહેનોએ ભોજન પીરસવાની જવાબદારી સંભાળી હતી




અને લગ્નમાં પૂજાપાની થાળી તૈયાર કરી હતી. મહિલા મંડળ દ્વારા થતી ઉપરોક્ત સેવાકીય પ્રવૃત્તિઓમાં મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન પી. ચાવડાના નેતૃત્વમાં મીનાબેન વેગડ, સવિતાબેન ચૌહાણ, ઇલાબેન ચાવડા, વંદનાબેન ખોડિયાર, તૃપ્તિબેન પરમાર, સંગીતાબેન રાઠોડ, હંસાબેન ટાંક, કુંદનબેન જેઠવા, વંદનાબેન જેઠવા, મધુબેન રાઠોડ, કંચનબેન જેઠવા, પુષ્પાબેન ટાંક, શાન્તાબેન વેગડ, શીલાબેન જેઠવા, દીપાબેન જેઠવા, ગૌરીબેન જેઠવા, માયાબેન વાઢેર, માધવીબેન જેઠવા, કંચનબેન પઢિઆર, ભાનુબેન સોલંકી ઉપરાંત કારોબારી સભ્ય બહેનોનો સાથ-સહકાર મળ્યો હતો.

## મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળ





મરાઠવાડા પ્રાદેશિક મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી પ્રીતીબેન વરૂના માર્ગદર્શન મુજબ બધા ઘટક વિવિધ પ્રતિયોગીતાઓનું આયોજન કરે છે. શ્રીરામપુર મહિલા મંડળ





દ્વારા મકરસંક્રાતીના અવસર પર તલસાકરીની સજાવટની પ્રતિયોગીતા લેવામાં આવી હતી. શ્રીરામપુર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન જેઠવા અને તેમની ટીમએ સફળતાપૂર્વક આયોજન કર્યું હતું. બધી સહભાગી બહેનોએ બહુજ સુંદર રીતે સજાવટ કરી હતી. તલસાકરીની સજાવટ,

કલાત્મકતા, સફાઇ ધ્યાનમાં લઇ નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ - ક્રીતીકા અમીત ચાવડા - હિંગોલી, દ્વિતીય - દિપીકા ગીરીશ મારૂ, તૃતિય - માલાબેન ચૌહાણ - નાંદેડ, મંજુલાબેન મકવાણા - શ્રીરામપુર, પ્રોત્સાહન - જ્યોતીબેન રાઠોડ - ભુસાવલ. બધા પ્રતિયોગીઓ અને વિજેતા બહેનોને અભિનંદન પાઠવવામાં આવેલ. શ્રીરામપુર મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી પ્રતિમાબેન જેઠવા તરફથી આભારવિધી કરવામાં આવેલ.

## ચાઇબાસા મહિલા મંડળ






શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સીંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ દ્વારા પ્રેરીત ચાયબાસા ઘટક દ્વારા ઇન્ટરનેશનલ મિલેટ યર મનાવવામાં આવ્યું હતું. આ અવસરે અ.ભા.મ.મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી વિશેષ રૂપથી ઓનલાઇન જોડાયા હતા. સાથે અ.ભા.મ. મહામંડળના સહમંત્રી શ્રીમતી દીનાબેન રાઠોડ, ઉત્સવ સમિતિ મંત્રી ભાવનાબેન રાઠોડ, સીંગભુમ પ્રાદેશિક મ.મંડળ પ્રમુખ શ્રીમતી પારૂલબેન જેઠવા ઉપસ્થિત હતા. પ્રિયંકાબેન રાઠોડ જેઓ કલકત્તાથી કૃષિરત્ન પદ્મશ્રી વિભુષિત ડૉ. ખદરવલ્લથી રૂબરૂ મળી મિલેટ વિષયનું પ્રશિક્ષણ લીધેલ. તેઓ પોતાના અનુભવ સીંગભુમ પ્રાદેશિક મહિલા મંડળના બહેનોને આપેલ. વિશેષ રૂપથી સિરિધાન્ય કેવા એવા મિલેટ જેમ કે કાંગણી, કેદો, સાંવ, કુટકી, રાગી, બાજરા, મક્કા, જવાર એવં મુરતના અનેકો ઉપયોગી ફાયદા વિશે જાણકારી આપેલ. અ.ભા.મહિલા મહામંડળના પ્રમુખ શ્રીમતી અમિતાબેન વિજયભાઇ સોલંકી બહુજ સરસ આયોજન માટે સીંગભુમ પ્રાદેશિક મહિલા મંડળ તથા ચાયબાસા મહિલા મંડળના બહેનો એવં પ્રિયંકાબેનને વધામણી આપેલ. ચાયબાસા મહિલા મંડળ મંત્રી અંજુબેન દ્વારા મનોરંજન ગેમ્સ રમાડવામાં આવેલ. સીંગભુમ પ્રા.મ.મંડળ પ્રમુખ કલવિકાબેન રાઠોડના સૌજન્યથી સ્વલ્પાહાર રાખવામાં આવેલ.

## કુમ્હારી મહિલા મંડળ



તા. ૮-૧-૨૩ના કુમ્હારી મહિલા મંડળ દ્વારા બાળકો તથા બહેનો માટે રમત-ગમતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ગણેશજી વંદના તથા રાષ્ટ્રગાન સાથે કરેલ. ત્યાર બાદ સહુ માટે દોડ, ત્રણ પગ દોડ, રસ્સી દોડ, ચમ્મચ દોડ, મ્યુઝીકલ બોલ નાનાથી મોટા સર્વેને રમાડવામાં આવી. નાના બાળકોને મેંઢક દોડ પણ રમાડવામાં આવી હતી. બપોરે ભોજન પછી હૌજી રમાડવામાં આવી હતી. ત્યાર બાદ જનરલ નોલેજના પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જેમાં નાના-મોટા ભાગ લઇને કાર્યક્રમ સફળ બનાવ્યો હતો અને સાચો

જવાબ આપી ઇનામ મેળવી આનંદીત થયા હતા. રમતગમતમાં ભાગ લેનારને પ્રથમ, દ્વિતીય, તૃતિય તથા સાંત્વના પુરસ્કાર આપવામાં આવ્યું હતું. ૧૫૦થી વધુ લોકોએ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## રાયગઢ મહિલા મંડળ

બપોરના ખીચડાનો આનંદ લીધો. જમ્યા પછી ફરી બધા મળીને અંતાક્ષરી રમ્યા હતા. ભાઇ-બહેનોમાં પ્રતિયોગીતા ચાલી રહી





ઉત્તરાયણ પર્વ એટલે મકરસંક્રાંતિ સમાજના ત્રણે પાંખોની સહભાગીતામાં આયોજીત કરવામાં આવી હતી. જેમાં સમાજના નાના-નાના બાળકો, યુવાઓ, ભાઇ-બહેનોએ ખુબજ આનંદ મેળવ્યો હતો. અનેક રોચક કાર્યક્રમો થયેલ. જેમાં રમત-ગમતનું આયોજન સર્વે વર્ગો માટે થયેલ. પતંગોત્સવ મનાવ્યું. ભાઇ-બહેનોએ હાઉઝીનું રમતમાં પણ ખુબજ ઉત્સાહથી રમ્યા. હતી. બધી રમતમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય સ્થાન મેળવનાર પ્રતિભાગીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. છેલ્લે ફરી ચા-નાસ્તો અને પાણીપુરીનાં આનંદ લીધો અને એકબીજાનો આભાર માની સર્વે વિદાય લઇ પોત-પોતાના ઘરે રવાના થયા હતા.

## હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ

મહિલા મંડળ ઉપપ્રમુખ શ્રીમતી શીલાબેન આર. ચૌહાણના નિવાસ સ્થાને હોલીના રસિયા (ભજન) રાખવામાં આવ્યા







હૈદ્રાબાદ-સિકંદરાબાદ મહિલા મંડળ દ્વારા તા. ૪-૨-૨૩, શનિવારના મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. હતા. પીલા અને ઓરેન્જ કલરની સાડી અને ડ્રેસમાં ૪૫ બહેનો ખુબ સરસ તૈયાર થઇને આવ્યા હતા. ઢોલક મંજીરા સાથે ભજન


સૌ
જ
ન્ય

Cell : 94242 12886

શ્રી હંસરાજભાઈ વૃજલાલભાઈ રાઠોડ

સેવા નિવૃત્ત - એચ.ઓ.ડી. જલ સંસાધન વિભાગ, સભ્ય - ઑબિટ્રેશન ટ્રીબ્યુનલ

પ્રમુખ - શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ સેવા ટ્રસ્ટ

રાયપુર (છ.ગ.)

શ્રીમતી અનુસૂયાબેન હંસરાજ રાઠોડ

શ્રી યતિનકુમાર હંસરાજ રાઠોડ

(IRSE) CHIEF ENGR. SEC Rly. Nagpur

શ્રીમતી હીનાબેન યતિનકુમાર રાઠોડ

અને નૃત્યનું સર્વે બહેનોએ આનંદ ઉઠાવ્યો હતો. ફુલ અને ગુલાલથી હોલી રમવાનું શીલાબેનએ ખુબ સરસ આયોજન કર્યું હતું. આખરમાં તંબોલા રમીને સ્વાદિષ્ટ જલપાન કરીને બધાએ વિદાય લીધી હતી.

## રાયપુર મહિલા મંડળ

શ્રી ક.ગુ.ક્ષ. સમાજ રાયપુર મહિલા મંડળ દ્વારા નવા વર્ષના પહેલા મહિનામાં પહેલું ત્યોહાર ૧૪ જાન્યુઆરી મકરસંક્રાતીના ખિચડાનું ભવ્ય આયોજન સમાજ ભવનમાં કરવામાં ઓલ. જેમાં ઘટકની પાંચે પાંખોની સારી ઉપસ્થિતિ હતી. શનિવાર દિવસ હોવાથી હનુમાન ચાલિસાના પાઠથી શરૂઆત કરવામાં આવેલ. ત્યાર બાદ હલ્દી કુમકુમથી બધાનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ જોડીમાં મ્યુઝીકલ ચેયર અને હૌજી પણ રમાડવામાં આવેલ. બધા બહેનોએ ખુબજ આનંદ લીધો. ગેમમાં પ્રથમ અને દ્વિતીય પારિતોષીક આપવામાં આવેલ. જોડી ગેમમાં પ્રથમ - મંજીષાબેન વરૂ, અનિતાબેન વાઢેર, મ્યુઝીકલ ચેરમાં પ્રથમ - અંબીકાબેન રાઠોડ, દ્વિતીય - વંદનાબેન વાઢેર. સંક્રાતના દિવસે શાકથી દાગીના બનાવવાની હરીફાઇ રાખવામાં આવેલ. એમાં બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધેલ. દાગીના હરીફાઇમાં પ્રથમ, દ્વિતીય અને સાંત્વના પારિતોષીત આપવામાં આવેલ. જેમાં પ્રથમ - દક્ષાબેન ચાવડા, દ્વિતીય - કુમુદબેન ચૌહાણ, સાંત્વના - ચેતનાબેન વાઢેર, વિજ્યાબેન ટાંક અને વંદનાબેન વાઢેર. પાંચેય પાંખોના પ્રમુખ, મંત્રી અને પદાધિકારી તથા મહિલા મંડળની સમસ્ત બહેનોએ ખિચડાનું આનંદ લીધો હતો.


**With Best Compliments from...**

**Er. Keval B. Rathod**

DCE, B.Tech Civil

DEV CONSULTANT

BUILD UNIQUE

**Consulting Civil Engineer**

*(Anjar Area Development Aurthority "AADA" Approved)*

*Bhoomi Complex, Ground Floor, Shop No. 3, In front of Vijay Card & Gift Shop, Turiya vad, Anjar (Kachchh) 370110*

- Architectural Planning
- Structural Design
- Building Permission
- Estimation
- 2D and 3D view
- Site Supervision
- Billing
- Interior Design
- Land Survey
- Any type of Civil Engineering Work

*Mo. +91 9428065623 E-mail : kbrathod92@gmail.com*


## સમાજ ગૌરવ



અંજાર નિવાસી શ્રી સંજયભાઇ પ્રાગજીભાઇ પઢિઆર તથા શ્રીમતી રચનાબેન સંજયભાઇ પઢિઆરની સુપુત્રી કુ. જહાન્વી સંજયભાઇ પઢિઆર કે જેઓ હાલ ડીપાર્ટમેન્ટ ઓફ બાયોગેસ રિસર્ચ એન્ડ માઇક્રો બાયોલોજી ગુજરાત વિદ્યાપીઠ ખાતે માઇક્રો બાયોલોજી વિષય સાથે પી.એચ.ડી.માં સંશોધન કરી રહ્યા છે. તેમણે જી.સેટની પરીક્ષા લાઇફ સાયન્સ વિષય સાથે પાસ કરેલ છે. તેઓશ્રી આદિપુરની બી.એસ.સી. તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ ખાતેથી તથા સાદરાની એમ.એસ.સી. ગુજરાત વિદ્યાપીઠ ખાતેથી માઇક્રોબાયોલોજી સાથે કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે સમગ્ર ગુજરાતભરમાં ૩૦,૦૭૫ લોકોએ પરીક્ષા આપી હતી અને માત્ર ૨,૧૭૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા જેમાં જહાન્વીનો સમાવેશ થાય છે. પરિક્ષા પાસ કરી પરિવાર, અંજાર ઘટક તથા સમસ્ત સમાજ અને સંસ્થાનું ગૌરવ વધારવા બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન અને ઉતરોત્તર પ્રગતિની હાર્દિક શુભેચ્છા....

★★★★★




રંગોત્સવ સંસ્થા દ્વારા રાષ્ટ્રીય સ્તરની રંગોત્સવ સેલીબ્રેશન પ્લેટફોર્મથી પ્રતિયોગીતા આયોજીત કરવામાં આવેલ હતી. જેમાં ગોંદિયા ઘટક નિવાસી કુ. ભાવિકા રિતેશભાઇ વેગડએ ખુબજ સરસ રીતે પોતાના બનાવેલ આર્ટનું ઉત્કૃષ્ટ પ્રદર્શ કરેલ હતું. તે માટે સંસ્થા દ્વારા કુ. ભાવિકાને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવેલ હતું અને તે આધારે સંસ્થા દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરની કલા

પ્રતિયોગીતા માટે કુ. ભાવિકાનું ચયન કરવામાં આવેલ છે તે બદલ પરિવાર તથા ગોંદિયા ઘટક તરફથી આંતરરાષ્ટ્રીય પ્રતિયોગીતા માટે શુભકામના.

★★★★★



દિવ્ય ભાસ્કર દ્વારા આઇકોન ઓફ ઇસ્ટ અમદાવાદ એવોર્ડ-૨૦૨૩ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ અમદાવાદમાં પોતાની અથાગ મહેનત અને પરીશ્રમ દ્વારા સફળતા મેળવી સમાજ અને પોતાના વ્યવસાયમાં પ્રતિષ્ઠા મેળવી છે એવા અમદાવાદ સમાજના શ્રી જગદીશભાઇ હિમ્મતલાલ ચૌહાણને ભાસ્કરના સીઇઓ સંજીવ ચૌહાણ અને શિક્ષણ મંત્રી પ્રફુલભાઇ પાનસેરીયાના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો તે બદલ ખૂબ ખૂબ અભિનંદન...



# આંતરરાષ્ટ્રીય મહિલા દિન વિશેષ...

સંસ્કૃતમાં એક શ્લોક છે ''યસ્ય પૂજયંતે નાર્યસ્તુ, તત્ર રમન્તે દેવતા'' એટલે કે જ્યાં નારીનું પૂજન થાય છે, ત્યાં દેવતાઓ નિવાસ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં નારીના સન્માનનું ખુબજ મહત્વ છે. વર્તમાનમાં જે હાલત જોવા મળી રહી છે તેમાં નારીનું અમુક ક્ષેત્રમાં અપમાન થઈ રહ્યું છે. આપણી ભારતીય સંસ્કૃતિને બનાવી રાખવા માટે નારીનું સન્માન કેવી રીતે કરાય તે વિચારવા જેવું છે.

૮ માર્ચ એટલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. યુ.એન.ઓ. અર્થાત સંયુક્ત રાષ્ટ્ર દ્વારા મહિલાની શક્તિને ઉજાગર કરવા, તેની ક્ષમતાઓને ઉત્સાહીત તેમજ પ્રેરિત કરવા ૮ માર્ચને ''આંતરરાષ્ટીય મહિલા દિન'' તરીકે ઉજવવામાં આવે છે. નારી ઘણા ગુણોથી ભરપૂર છે, અલંકૃત છે. આંતરાષ્ટ્રીય મહિલા દિવસનો ઈતિહાસ એક સદી નો છે. આ દિવસને પહેલી વખત ઈ.સ. ૧૯૧૧માં મનાવવામાં આવ્યો હતો. કહેવાય છે કે, પ્રસિદ્ધ જર્મન એક્ટિવીસ્ટ ક્લાસ જેટકીંગના પ્રયાસોને કારણે ઈન્ટરનેશનલ સોષ્યલીસ્ટ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્વરૂપે સત્તાર પરવાનગી આપવામાં આવી હતી.

મહિલાઓમાં છુપાયેલી શક્તિઓને આજે વિશ્વ ઓળખવા લાગ્યું છે. ટેકનોલોજીના દરેક ક્ષેત્રે મહિલાઓનું યોગદાન અગ્રેસર રહ્યું છે. હવે દિકરીને ''ગાય દોરે ત્યાં જાય''નો જમાનો ગયો. આજે મહિલાઓ પણ અંતરીક્ષ ક્ષેત્રે ઉડતી થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય મહિલા દિને ભારતમાં પણ વિવિધ સંસ્થાઓ દ્વારા સન્નારીઓનું સન્માન થાય છે.

આપણા સમાજના મહાન વિભૂતિ નારી રત્ન પૂ. ભાનુમા કે જેઓ જીવનપર્યંત સમાજની મહિલાઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રવૃત્ત રહ્યા. સમસ્ત ભારત વર્ષમાં જીવન સૌરભ સંસ્કાર શિબિરોના આયોજન કરીને આપણા સમાજની બહેનોને સ્વાવલંબી બનાવવા, તેમને પગભર બનાવવા, સમાજમાંથી કુરીવાજાને દુર કરવા તેઓ હંમેશા કાર્યો કરતા રહ્યા. તેમના આ સામાજીક ગુણોનું સન્માન કરતા તેઓશ્રીને મુંબઈ મધ્યે 'માતૃશ્રી'ના શિર્ષ પદથી નવાજી સન્માનીત કરવામાં આવ્યા હતા. પૂજ્ય ભાનુમાને આપણા સમાજના સાક્ષાત 'પ્રિયદર્શીની' તરીકે યાદ કરવામાં આવશે. આપણા સમાજમાં મહિલા જાગૃતિને સમસ્ત ભારતવર્ષમાં મહિલા મંડળો ખૂબજ સક્રીય થઈને મહિલા ઉત્કર્ષના કાર્યો કરી રહ્યા છે. જે આપણા સમાજમાં મહિલા જાગૃતિનું શ્રેષ્ઠ ઉદાહરણ પુરૂં પાડે છે.

નારીના અધિકારો વિષે જાગૃતતા લાવવા ૮ માર્ચે સમસ્ત વિશ્વમાં ઉત્સાહપુર્વક મહિલા દિન ઉજવવામાં આવે છે. ભારત વર્ષમાં પણ આ દિવસે મહિલાઓના અધિકારો, એમની સ્થિતિ સુધારવા વિષેનો વાસ્તવિક સંદેશ ફેલાવવામાં મહિલા દિન એક મોટી ભૂમિકા ભજવી રહ્યો છે. જય સમાજ... અસ્તુ... વંદે માતરમ્.... ભારત માતા કી જય....

– માયાબેન ભરતભાઈ વાઢેર – અંજાર



**શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ અખિલ ભારતીય યુવા મહામંડળ**

# યુવા મંથ




**પ્રમુખ : અ.ભા. યુવા મહામંડળ**
**શ્રી તૃષાર મોહનભાઈ ચૌહાણ**
4, આનંદપાર્ક સોસાયટી, મયુર સોસાયટીની બાજુમાં
વૃંદાવન ક્રોસ રોડ, વાઘોડીયા રોડ,
વડોદરા (ગુજરાત) મો. 9426591239

**મહામંત્રી : અ.ભા. યુવા મહામંડળ**
**શ્રી અનમોલ મહેન્દ્રભાઈ ટાંક**
એલ.આઈ.જી. ૨૮, લાયનનગર, પહાડ મંદિર રોડ,
રાયગઢ (છ.ગ.) ૪૯૬૦૦૧ મો. 9685469888,
E-mail : kgkyuvamahamandal@gmail.com

Facebook - https://www.facebook.com/KGKYUVAMAHAMANDAL, Instagram - @akhil_bhartiya_yuva_mahamandal


## સંબલપુર યુવા મંડળ



તા. ૮-૧-૨૩ના રોજ સંબલપુર મહિલા મંડળ અને યુવા મંડળ દ્વારા સામુહિક પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. પિકનીકના સ્થળે સવારે ૯.૦૦ વાગ્યે પહોંચી જવાનું હતું. પીકનીકનું સ્થળ બુરલા પાસે અઢારહજાર સાઇફોન પાસે રાખવામાં આવેલ હતું. સવારે બધા સમય અનુસાર પહોંચી પ્રાકૃતિક દશ્યોનો આનંદ લીધો હતો. સવારે નાસ્તો આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ યુવા મંડળ દ્વારા આવેલા બધા ભાઇઓ-બહેનો અને બાળકો માટે અલગ અલગ ગેમ્સ રમાડવામાં આવી હતી. ત્યાર બાદ વિજેતાઓને ઇનામે આપવામાં આવેલ. ત્યાર બાદ સામુહિક ભોજનનો આનંદ માણેલ અને અંતમાં હાઉઝી રમાડવામાં આવી હતી. આ રીતે બધાએ ભેગા થઇ ફોટા પાડ્યા અને સાંજે ૪.૩૦ વાગ્યે બધા છુટા પડ્યા હતા.

તા. ૧૪-૧-૨૩ના રોજ સંબલપુર યુવા મંડળ દ્વારા મકર સંક્રાતિના દિવસે કાઇટ ફેસ્ટીવલ દિવસ ઉજવવામાં આવેલ. તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં આપણા સમાજને આમંત્રણ હતું. જેથી કરીને આપણા સમાજના મહિલા મંડળના બહેનો અને યુવા મંડળના ભાઇઓ ભેગા થઇને સરસ ગરબો પ્રસ્તુત કરેલ હતો. આ કાર્યક્રમમાં દરેક પ્રદેશના લોકનૃત્ય



રાખવામાં આવેલ હતા. આપણા ઘટકના બહેનોએ ગરબો તૈયાર કર્યો હતો. આ ગરબામાં કુલ ૧૨ બહેનો અને બે ભાઇઓ હતા. લલીતભાઇ વાઘેલા, નરેન્દ્રભાઇ મોદી અને જશુભાઇ ચૌહાણ ગાંધીજી બન્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થતાં પુરા ગ્રુપને માનનીય સંસદ શ્રી સુરેશભાઇ પુજારી દ્વારા મોમેન્ટો અને સાલ આપી ગરબા ટીમનું સન્માન કરવામાં આવેલ હતું. ગરબા ટીમએ ખુબજ સરસ ગરબાની રજુઆત કરી સંબલપુર ઘટકનું નામ રોશન કર્યું હતું.

## જબલપુર યુવા મંડળ

શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ જબલપુર યુવા મંડળની સામાન્ય સભા તા. ૧૫-૧-૨૩, રવિવારના રોજ સમાજ ભવનમાં રાખવામાં આવી હતી. સભાની શરૂઆતમાં યુવા મંડળ પ્રમુખ શ્રી સંકેત સુધીરભાઇ રાઠોડ તથા પદાધિકારીગણ દ્વારા સમાજરત્ન શ્રદ્ધેય હિરજીબાપાના ચિત્ર પર માલ્યાર્પણ કરી પાછલા વર્ષની સભાની મિનિટ્સનું વાંચન મંત્રી શ્રી ચિરાગભાઇ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું અને પાછલા વર્ષનો હિસાબ ખજાનચી શ્રી ભુપેશભાઇ ચૌહાણ દ્વારા રજુ કરવામાં આવેલ જેને ઉપસ્થિત સભ્યોએ હાથ ઉપાડીને બહાલી આપી. ત્યાર





બાદ પ્રમુખ શ્રી દ્વારા ઉદ્‌બોધન આપવામાં આવેલ.

સત્ર ૨૦૨૩-૨૬ માટે નવા પ્રમુખશ્રીની નિમણુંક કરવા ઉપર ચર્ચા થઇ હતી. સફળતાપૂર્વક બે સત્ર પૂરા કરેલ પ્રમુખ શ્રી સંકેતભાઇ અને તેમની કાર્યકારણીએ સત્ર સમાપ્તિ પર રાજીનામું આપ્યું તથા નવી કાર્યકારણી ઉપર ચર્ચા-વિચારણા તથા ઉપસ્થિત યુવા મંડળના સભ્યોના સુઝાવો ઉપર વિચાર કરી સર્વસંમતિથી શ્રી હેતુલભાઇ યતીનભાઇ જેઠવાને આગલા સત્ર માટે યુવા મંડળના પ્રમુખ પદ માટે વરણી થઇ. તાડીઓ વગાડી સર્વે સભ્યોએ આ નિર્ણયને સહમતિ આપી તદુપરાંત પૂર્વ પ્રમુખ શ્રી સંકેતભાઇ રાઠોડ, પ્રકાશભાઇ રાઠોડ તથા અન્ય સભ્યો દ્વારા શ્રી હેતુલભાઇને માળા પહેરાવી પોતાની શુભકામના અને અભિનંદન પાઠવ્યા હતા. ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ રાઠોડ તથા પદાધિકારીગણ એવં મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ચંચલબેન યાદવ તથા પદાધિકારીગણ દ્વારા નવા પ્રમુખશ્રી હેતુલભાઇ તથા તેમની કાર્યકારણીને ભવિષ્યના યુવા ઉત્થાનના કાર્યો માટે શુભકામના પાઠવી હતી. યુવા મંડળની સત્ર ૨૦૨૩-૨૬ની કાર્યકારણીમાં ચેરમેન - સંકેત સુધીરભાઇ રાઠોડ, પ્રમુખ - હેતુલ યતીનભાઇ જેઠવા, ઉપપ્રમુખો - ભુપેશ શશીકાંતભાઇ ચૌહાણ, વિશાલ જોગેન્દ્રભાઇ ચૌહાણ, મંત્રી - ચંદ્રેશ યોગેન્દ્રભાઇ ગોહિલ, સહમંત્રીઓ - કુ. પ્રિયલ પ્રકાશભાઇ પરમાર, હર્ષિત પ્રકાશભાઇ ટાંક, કુશલ પુનિતનભાઇ પરમાર, કુ. ધ્વની તપેશભાઇ પરમારની વરણી કરવામાં આવી હતી.

## મહાકૌશલ યુવા પ્રાદેશિક



તા. ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસના ઉપલક્ષમાં સમાજ પ્રાંગણમાં મહાકૌશલ પ્રાદેશિક યુવા મંડળ સમિતિ પ્રેરિત તથા યુવા મંડળ, જબલપુર દ્વારા યુવા ખેલ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેલ ઉત્સવમાં ત્રણ પ્રતિયોગીતા રાખવામાં આવી હતી. જેમાં ક્રિકેટ, કેરમ અને ચેસ હતા. પ્રાતઃ ૯ વાગે ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ રાઠોડ દ્વારા ઝંડા વંદન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલા મંડળ તથા યુવા મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. તદ્‌ઉપરાંત ઘટક પ્રમુખ શ્રી કિરીટભાઇ રાઠોડ તથા મહિલા મંડળ પ્રમુખ શ્રીમતી ચંચલબેન યાદવના શુભ હસ્તે પ્રતિયોગીતાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સર્વે પ્રતિભાગીઓનો ઉત્સાહ વર્ધન કરતા ઘટક તથા મહિલા મંડળના પદાધિકારીગણ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા.

ક્રિકેટના સર્વે પ્રતિયોગીઓને ત્રણે પાંખના પ્રમુખશ્રીઓએ શુભકામના પાઠવી અને તેમેના પરિચય પ્રાપ્ત કર્યો. ક્રિકેટમાં કુલ આઠ ટીમ ભાગ લીધેલ હતી. જેના પ્રતિ ટીમ ચાર પ્રતિભાગી



હતા તથા આ પ્રતિયોગીતા ચાર-ચાર ઓવરની હતી તથા ટેનિસ બોલથી રમાડવામાં આવી હતી. કેરમ અને ચેસમાં પણ સારી સંખ્યામાં યુવાઓએ ભાગ લીધેલ હતો. ક્રિકેટમાં કે.જી.કે. વોરીયર્સની ટીમ ફાઇનલમાં વિજય થઇ જેમાં હર્ષિત ટાંક, યુગમ ચૌહાણ, લક્ષ્ય ટાંક તથા રાકેશ સોલંકી હતા.

ચેસમાં પ્રથમ શ્રી જૈનેન્દ્રભાઇ જેઠવા, દ્વિતીય - યશ પરમાર તથા તૃતિય - વિશાલ ચૌહાણ હતા. કેરમનું ફાઇનલ યોગેશભાઇ ચાવડા તથા તન્મય ચૌહાણ વચ્ચે હતું. જેમાં યોગેશભાઇ વિજય રહ્યા હતા. સર્વે ઉપસ્થિત સભ્યો તથા યુવાઓએ ખુબજ આનંદ સાથે આ કાર્યક્રમનો આનંદ લીધો તથા ભવિષ્યમાં પણ આવા આયોજનનો સુઝાવ યુવા મંડળના સલાહકાર સભ્ય શ્રી રાકેશભાઇ પરમાર તરફથી આવ્યો. કાર્યક્રમના અંતે યુવા મંડળ પ્રમુખ શ્રી હેતુલભાઇ જેઠવા તથા મંત્રી ચંદ્રેશભાઇ ગોહિલએ સર્વેનો આભાર માન્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવામાં ઉપપ્રમુખ ભુપેશભાઇ ચૌહાણ, ચંદ્રેશભાઇ રાઠોડ, જયભાઇ જેઠવા, યશ ચૌહાણ, હિરક ચૌહાણ, તૂપેશ પરમાર, મિતુલ પરમાર આદીનો સહયોગ પ્રાપ્ત થયો.

## વડોદરા યુવા મંડળ




શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ યુવા મંડળ વડોદરા દ્વારા તા. ૫-૨-૨૦૨૩, રવિવારના રોજ રમત-ગમત મંત્રી નિરવભાઇ વાઘેલા અને સાંસ્કૃતિક મંત્રી દિપાલીબેન સોલંકીના પદેથી સ્પોર્ટસ ડે અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સમાજ ભવન ખાતે ૨.૦૦ કલાકે દિપ પ્રાગટ્યથી શરૂ કરવામાં આવ્યું હતું. યુવા મંડળના કાર્યકર્તાઓએ નાના ભુલકાઓ, બાળકો, યુવાઓ તથા વડીલો સૌ માટે અલગ-અલગ ૧૫ જુથમાં અલગ-અલગ રમતો જેવી કે સ્મ્પ ક્રિકેટ, ચેસ, ગોળા ફેંક, આર્યન (બોય/ગર્લ) અને આર્યન (મેન/વુમન), પેરેન્ટ+બાળક એક્ટીવીટીનું સફળતાપૂર્વક આયોજન કરવામ) આવ્યું હતું.

ત્યાર બાદ સંધ્યાકાળે નાના બાળકો વેશભૂષા સ્પર્ધા અને ટેલેન્ટ હન્ટ સ્પર્ધાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦થી વધુ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્યાર બાદ ઘટકના પદાધિકારી, માનનીય જજ, યુવા મંડળ પ્રમુખ નિલેશભાઇ સોલંકી, ઉપપ્રમુખ નિરવભાઇ ચૌહાણ, સાંસ્કૃતિક મંત્રી દિપાલીબેન સોલંકી, રમત-ગમત મંત્રી નિરવભાઇ વાઘેલાને સ્ટેજ પર આમંત્રીત કરીને ઇનામ વિતરણની શરૂઆત કરવામાં આવી હતી.વડોદરા ઘટક તથા યુવા મંડળના કમીટી સભ્ય દ્વારા વિજેતાઓને ઇનામના ભાગ રૂપે મેડલ અને કેશ કવર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. સ્ટેજ પર ઇનામ વિતરણની શરૂઆત યુવા મંડળ સભ્ય નિમિષાબેન પરમાર તથા ગૌતમી ચૌહાણ દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ નિરવભાઇ વાઘેલા અને નિરવભાઇ ચૌહાણ સ્પોર્ટસ ડેનું ઇનામ

Sea Freight Solutions
Your Navigator In The World Of Trade

SERVICES
- Sea freight
- Custom clearing
- Air Freight
- Warehousing
- Transportation Service
- LCL Services
- Project Cargo Handling
- Packaging & Pelletization

CONTACT
MALAV CHAUHAN
Sea Freight Solutions
:Office :
Gandhidham
:Email :
seafreight.mun@gmail.com
Malav@seafreightsolutions.co.in
:Web Site :
www.seafreightsolutions.co.in
:Mobile:
+91 9662898112

વિતરણનું સમાપન કરી સ્ટેજ સાંસ્કૃતિક મંત્રી દિપાલીબેન સોલંકીને સોંપ્યું હતું. દિપાલીબેન સોલંકીએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ બાળકોને ઇનામ આપીને સન્માનીત કર્યા હતા.

## અમદાવાદ યુવા મંડળ



તા. ૫ ફેબ્રુઆરીના રોજ અમદાવાદ ખાતે આવેલા રીવરફ્રન્ટ પાસે યુવા મંડળની મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ મહિનામાં યુવા મંડળ દ્વારા કરવા જેવી કામગીરી ઉપર ચર્ચા કરવામાં આવી હતી. મીટીંગમાં હાજર યુવાનોએ ઘણા બધા મુદ્દાઓ ઉપર પોતાના વિચારો રજુ કર્યા હતા. રોજીંદા જીવનથી કંઇક અલગ પરંતુ અંગત જીવનમાં ઘણી કામ લાગે એવી ક્રિએટીવ, પ્રોડક્ટીવ, આયોજન અને વ્યવસ્થાને લગતી વાતો કરવામાં આવી હતી. મીટીંગ પુરી કર્યા પછી યુવા સભ્યો દ્વારા નજીકમાં આવેલા અટલ બ્રિજ અને રીવરફ્રન્ટ ફ્લાવર ગાર્ડનની મુલાકાત લીધી હતી.

## રાઉરકેલા યુવા મંડળ



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજ રાઉરકેલા યુવા મંડળ દ્વારા ગત તા. ૨૬-૦૧-૨૦૨૩, ગુરૂવારના રોજ પ્રજાસત્તાક દિવસના રાઉરકેલા સમાજ ભવનમાં યુવા મંડળ પ્રમુખ શ્રી દિપેશભાઇ ભરતભાઇ રાઠોડના શુભ હસ્તે ધ્વજારોહણ કરી ઉજવવામાં આવેલ. આ કાર્યક્રમમાં અખિલ ભારતીય યુવા મહામંડળના ઓડિશા યુવા પ્રાદેશિક પ્રમુખ શ્રી હાર્દિકભાઇ રાજેશભાઇ ચાવડાની સાથે રાઉરકેલા યુવા મંડળના સભ્યો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતું. કાર્યક્રમના અંતે અલ્પાહાર લઇ સર્વે રાજીખુશી છુટા પડ્યા હતા.

# શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન - અંજાર



શ્રી કચ્છ ગુર્જર ક્ષત્રિય કેળવણી મંડળ સંચાલિત અંજાર વિદ્યાર્થી ભવન મધ્યે ૭૪મા ગણતંત્ર દિવસ નિમિત્તે ભવન પરિસરમાં સંચાલન સમિતિના પ્રમુખ શ્રી પાર્થભાઇ જશવંતભાઇ ચાવડાના હસ્તે રાષ્ટ્રધ્વજને સલામી આપી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. જેમાં સંચાલન સમિતિના હોદ્દેદારોમાં મહામંત્રીશ્રી પ્રદીપભાઇ કે. ટાંક, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઇ કે. ટાંક, ઉપપ્રમુખ શ્રી જીવરામભાઇ એચ. ચાવડા, સહમંત્રી શ્રી કિશનભાઇ આર.

રાઠોડ, સહમંત્રી શ્રી હિતેશભાઇ કે. રાઠોડ તથા સલાહકાર સમિતિ વતી શ્રી હિમ્મતલાલભાઇ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ભવનના વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણ પણ ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે સહમંત્રી શ્રી કિશનભાઇ આર. રાઠોડે આભારવિધી કરી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# શ્રી ક.ગુ.ક્ષ. વિદ્યાર્થી ભવન - ભુજ



